૫૮૫

ઑનરેબલ રાવબહાદુર રણછોડલાલ છોટાલાલ સી. આઈ. ઈ.

માદક પદાર્થ નિષેધ ફંડના વ્યાજમાંથી ઈનામ આપી

“ગુજરાત વર્નાક્યુલર સોસાઈટીએ”

સન ૧૮૯૩ માં કરાવેલું ભાષણ.

વિષય

તંબાકુ અને ભાંગનાં માદક તત્વ.

ભાષણ કર્તા,

ડાક્ટર જોસેફ બેનજામીન બામનોલકર.

પ્રસિદ્ધ કરનાર,

ગુજરાત વર્નાક્યુલર સોસાઇટી.

अमदावाद

ટંકશાળામાં “યુનિયન” પ્રિન્ટિંગ પ્રેસ.

સન ૧૮૯૪

કીંમત ૬ પાઈ.

આનરેબલ રાવબહાદુર રણછોડલાલ છોટાલાલ સી. આઇ. ઇ. આરોગ્યતા વર્ધક અને માદક પદાર્થ નિષેધક ભાષણ ફંડના વ્યાજમાંથી ઇનામ આપી કરાવેલું ભાષણ.

विषय.

"તમાકુ અને ભાંગના માદક તત્વ."

મેહેરબાન અધ્યક્ષ સાહેબ અને ગ્રહસ્થો.

આજે તા. ૨૭ મી ડીસેંબર સને ૧૮૯૩ ના રોજ જ્યારે આપણા માનવંતા દેશ કલ્યાણકારી નર આનરેબલ દાદાભાઇ નવરોજજી એમ પી. ના પ્રમુખપણા હેઠળ આપણી નવમી રાષ્ટ્રિય સભા પંજાબની રાજધાની લાહોર શહેરમા રાજકીય બાબતો વિષે વિવેચન કરવા બીરાજી છે. ત્યારે આપણા પ્રમુખ શહેરી અને આ સભાના અધ્યક્ષ આનરેબલ રાવબહાદુર રણછોડલાલ છોટાલાલ સી. આઈ. ઈ. ના પરોપકારવડે કરીને માદક પદાર્થો નિષેધક વિવેચન કરવા આપણે એકઠા થયા છીએ. રાજકીય બાબતો ચરચાવાની જેટલી જરૂર છે તેના કરતા માદક વસ્તુઓનો આપણા દેશમાં જે અતિશય ફેલાવો થયો છે તેનો અટકાવ કરવાના ઉપાયો લેવાની અગત્ય કાંઇ ઓછી નથી. રાજકિય હકો તો આપણે આપણી દયાળુ સરકાર પાસે માગવાના છે; પણ કેફરૂપી શત્રુ આપણા દેશમા પ્રબળ થયો છે તેને હણવાના ઉપાયો આપણા પોતાનાજ હાથમાં છે. તે ઉપાયો પૈકી એવા વિષયો ઉપર જાહેર ભાષણો કરાવવાં, એ એક સરસ ઉપાય છે. તે પ્રમાણે આપણા અધ્યક્ષ સાહેબે સોસાઇટીને સ્વાધીન ફંડ સોપી તેમાંથી આવાં ભાષણો કરાવવાની જોગવાઈ કરી આપી છે તે બદલ આપણે તેમનો પાડ માનવો જોઇએ. કેમકે આવાં ભાષણો કેફને અટકાવવાના ઉપાયો પૈકી એક ઉત્તમ ઉપાય છે.

આજનો વિષય "તમાકુ અને ભાંગના માદક તત્વ" નો છે. તે ઉપર ભાષણ કરવા ગુજરાત વર્નાકયુલર સોસાઇટીની વ્યવસ્થાપક મંડળીએ મારો નિયમ કરવાથી તે વિષય ઉપર મારી અલ્પમતિ પ્રમાણે મારા નમ્ર વિ-

ચારો આપ સાહેબોની આગળ મુકવાની રજા લઉ છું ને આશા રાખું છું કે તે આપ સાહેબોને પસંદ પડશે.

તમાકુની ઉત્પત્તિ તથા પ્રસાર.

આ શબ્દની ઉત્પત્તિ મૂળ અમેરિકન શબ્દ 'ટબ્યાકો' ઉપરથી થએલી છે. તે શબ્દનો અર્થ મૂળ અમેરિકન ભાષામાં તમાકુ પીવાની નળી એમ થાય છે. જ્યારે સને ૧૪૯૨ માં કોલમ્બસે અમેરિકા ખંડ શોધી કાઢયો, ત્યારે ત્યાંના કયુબાબેટના સરદારો તમાકુ પીતા તેના જોવામાં આવ્યા. તેઓના મોઢામાંથી ધુમાડો નીકળેલો જોઇ કોલમ્બસને તથા તેના ખલાસીઓને બહુ આશ્ચર્ય લાગ્યું ને કેટલાકો કહેવા લાગ્યા કે તેઓના મોમાંથી આગ નીકળે છે. પણ પાછળથી તપાસ કરતાં તેમને ખબર પડી કે તે લોકો તમાકુ પીતા હતા તેથી તે લોકોએ 'તબ્યાકો' એ નળી ઉપરથી તમાકુને નામ આપ્યું. સ્પેન દેશના લોકો પ્રથમ તમાકુને પોતાના દેશમાં લઇ ગયા. ત્યાંથી ધીમે ધીમે આખા યૂરોપખંડમાં ફેલાયો. ઇગ્લાંડમાં સન ૧૫૮૬ માં સરવૉલટરરેલેના માણસો ઈલીઝાબેથ રાણીના વખતમાં લેઈ ગયા. પછી તુર્કસ્તાન, અરબસ્તાન વિગેરે દેશોમાં તેનો પ્રસાર થયો. જાવા બેટમાં સને ૧૬૦૧ માં લેઇ ગયા. આપણા દેશમા જ્યારે પોર્તુગીઝ (ફિરંગી) લોકો આવ્યા ત્યારે તમાકુ તેમની સાથે આવેલો હોય એમ લાગે છે. હાલ તેનો ઉપયોગ ઘણુંકરીને બધા દેશમાં થાય છે. કેટલાકોનું કહેવું એવું છે કે તમાકુ આપણા દેશમાં ઘણા પ્રાચિન કાળથી છે. પણ સંસ્કૃત ભાષામાં તથા બીજી પ્રાચિન ભાષાઓમાં તમાકુ માટે શબ્દ જણાતો નથી. તેથી તમાકુ પશ્ચિમ તરફથી આવેલી સિદ્ધ થાય છે. તમાકુ પ્રાચિન કાળથી આપણા દેશમાં છે એમ તમાકુના કેટલાક સાથી કહે છે. તે બાબત દંતકથા એવી ચાલે છે કે રામાઅવતારના વખતમાં રાવણના પુત્ર ઈંદ્રજિતે લક્ષમણ ઉપર શક્તિ નાંખી, તેથી લક્ષ્મણના હૃદયને જખમ લાગ્યો ને ગતપ્રાણ થયો. ત્યારે હનુમાને એક રાતમાં દ્રોણાગિરિ પર્વત ઉપરથી એક વનસ્પતિ લાવીને તેનો રસ લક્ષ્મણના ઘા ઉપર લગાડયો, તેથી લક્ષ્મણ ફરી સજીવન થયો. તે પાંદડાંના કુચા નાંખી દીધેલા તેમાંથી તમાકુ થઈ. જો આ વાત ખરી હોય તો તે લોકોની ગણતરી મુજબ ત્રેતાયુગ ગએ લાખો વરસ થયાં, તેટલી જૂની તમાકુની

ઉત્પત્તિ હોવી જોઇએ. પણ ઉપર દર્શાવ્યા પ્રમાણે તમાકુ માટે પ્રાચિન ભાષાઓમાં શબ્દ નથી, તેથી આ વાતમાં કેટલું વજન છે તે આપ સાહેબોની મુનસફી ઉપર રાખું છું. એવી તરેહવાર કલ્પિત વાતો લોકોને કહીને તમાકુના વ્યસનીલોકો પોતે ફાંદામાં પડેલા હોય છે એટલુંજ નહી, પણ પાંજરામાં ફસાઈ પૂછડું કપાએલા (ઇસ્ફનીતિ)ના શિયાળની પેઠે બીજાઓને પણ તે પ્રમાણે ફાંદામાં નાંખવાનો પ્રયત્ન કરે છે. વળી કેટલાક લોકોનું કહેવું એવું છે કે ચીન દેશમાં તે બધા લોકો વાપરે છે; માટે તે દેશમાં તેનો પ્રસાર ઘણો જૂનો હોવો જોઇએ, ને આપણો દેશ તે દેશની પાસે આવેલો તેથી અહીંયા પણ તેનો ઉપયોગ ઘણા વખતથી થતો હોવો જોઇએ.

પણ ચીન દેશ અને આ દેશમાં તમાકુનાં ઝાડ અમેરિકાના ઝાડના પ્રમાણમાં ઘણાં નાનાં હોયછે, તેથી અમેરિકામાંથી લાવીને આ દેશમાં વાવેલાં એ સિદ્ધ થાયછે. તમાકુનો ફેલાવો થવાને ત્રણસો વર્ષ થયાં પણ ચાહ અને બટાકાને તો સો વર્ષ થયાં નથી તેમ છતાં તેનો ફેલાવો આપણા દેશમાં બધે થયોછે. જ્યારે આ ચિજોનો સો વર્ષમાં આટલો ફેલાવો થયો, તો તમાકુનો ફેલાવો ત્રણસો વર્ષમાં આટલો થયો તેમાં શી નવાઈ? આ બાબતનો વધારે પુરાવો આ છે કે ફિરંગીલોકો ગોવામાં પહેલા આવ્યા. ત્યાં તમાકુ પીવાનો ચાલ બહુજ છે. વળી અંગ્રેજ સરકારનું રાજ મદ્રાસ તરફ પેહેલાં સ્થપાયું. ત્યાં તમાકુનું વાવેતર ઘણુંજ થાયછે. એટલુંજ નહીં પણ ત્યાં ત્રીચીનાપલ્લી તરફ ચીરૂટ બહુજ બનેછે. હવે મારા કેટલાક મિત્રો કહેશે કે આ વાત આટલી બધી લબાવવાનું કારણ શું? તેના જવાબમાં હું જણાવવાને રજા લઉછું કે તમાકુ ત્રણસો વર્ષ પહેલાં અમેરિકા ખંડમાં હતી. પણ આ ત્રણસો વર્ષની અંદર તેનો ફેલાવો એટલો બધો થયોછે કે ભાગ્યે કોઈ ગામડું હશે કે જ્યાં તેનો ઉપયોગ થતો નહીં હોય. તો પછી દેશોની ને શહેરોની શી વાત કરવી? હવે આટલો બધો ફેલાવો થવાનું કારણ શું? એવો કોઇ સવાલ કરશે, તો તેને મારો જવાબ એટલો છે કે, મનુષ્ય જાતીનો સ્વભાવ એવોછે કે કોઈ પણ નઠારી વાત ઉપર તરત તેના મનની પ્રવૃત્તિ થઇ જાયછે. આનું બીજું કારણ એમ છે કે એક દેશથી બીજા દેશમાં નવી ચીજ ગઈ, તો ત્યાંના લોકો તેનો નવાઈ તરીકે ઉપયોગ કરવા, ગાડરીયા પ્રવાહની પેઠે ઉપરાઉપરી પડે છે, અને દરેક વ્યસનની એક વખતે ટેવ પડી

તો અંગ્રેજી કહેવત "habit is a second nature" "ટેવ એક સ્વભાવ થઇ જાયછે" પ્રમાણે તે છુટતી નથી. અને પેઢી દર પેઢી તે વ્યસન વધતું જાયછે. તે પ્રમાણેજ આ તમાકુના વ્યસનનું થયુંછે. પુનામા સને ૧૮૯૨ના નવેંબર માસમાં મિસ્તર ઇવેન્સ નામના એક ખ્રિસ્તી ધર્મોપદેશકે દારૂ ઉપર ભાષણ કરતાં કહ્યું હતું કે આ દેશમાં દારૂનો પ્રસાર દેશીઓમાં, અંગ્રેજ લોકોનું જોઇ થયોછે. અને વિશેષે, રાજકર્ત્તાઓ જે કાંઇ કરતા હશે તે સારૂંજ હશે એમ ધારી ઇતર લોકો પણ તે પ્રમાણેજ કરેછે. તેમણે જણાવ્યું કે ઇંગ્લંડમાં પણ આ પ્રમાણે થતું. ત્રીસ વર્ષ પેહેલાં આપણાં મહારાણીજીના મોટા ચીરંજીવીનાં વહુજી સાહેબને અકસ્માત એક પગે ઇજા થવાથી ખોડંગતાં ચાલવા લાગ્યાં. તેમને જોઇને બીજી દરબારી બધી સ્ત્રીઓએ પણ તેમજ કરવા માંડયું. ને દરેકે પોતાના જોડા શીવનારને પોતાના એક જોડાની એડી બીજા જોડા કરતાં એક ઇંચ નાની કરવા ફરમાવ્યું. તેવા જોડા પહેરી તેઓ પણ ખોડંગતી ચાલવા લાગી. એમ કેટલાક દિવસ સુધી ચાલ્યું. તેથી તે બાઇસાહેબે તેઓને કહ્યું કે તમે બધાં શું મારી મશ્કરી કરવા ખોડંગતાં ચાલોછો? ત્યારે તેઓએ કહ્યું, ના બાઇસાહેબ. આપ ચાલોછો તેવી રીતે ચાલવું સારૂં હશે એમ ધારી અમે પણ તે પ્રમાણે ચાલીએ છીએ. ત્યારે તેમણે કહ્યું કે મારે પગે ઇજા થઇછે માટે હું આમ ચાલુંછું. આ ખરી વાત તેમને જણાઇ ત્યારે મનમાં બહુજ પસ્તાવો કરી સીધી રીતે ચાલવા માંડયું. તમાકુના વ્યસનનું ઉપરની વાતમાં જણાવ્યા પ્રમાણે દારૂની પેઠેજ થયુંછે. હાલ દીલગિરીની વાત એ છે કે અભણલોકો તેનો ઉપયોગ કરેછે એટલુંજ નહીં પણ કેટલાએક સારા ભણેલા વિદ્વાન ગૃહસ્થો બીડી ઇયા ચીરૂટ મોમાં ઘાલી પીતા આમ તેમ ફરતા જોવામાં આવેછે. આ કેટલી શોચનીય વાત છે! તેમનો દાખલો જોઇને બીજા લોકો પણ તે પ્રમાણે કરવા મંડી જાયછે. કેમકે તે લોકો એમ સમજે છે કે, જે વિદ્વાનલોકો કરતા હશે તે બધું સારૂંજ હશે. ને ભણેલા લોકો તો, કેટલાએક અંગ્રેજી અમલદારો ચીરૂટ પીએછે તે પ્રમાણે, સાહેબલોકશાહી, પોતે પણ વર્તવા જાયછે.

હાલ તમાકુ અમેરિકા ખંડના કાનડા, ન્યૂબ્રન્સ્વિક, યુનૈટેડસ્ટેટ્સ, મેક્સિકો, બ્રાઝિલ, ક્યૂબા, ત્રિનિદાદ, વિગેરે દેશોમાં થાય છે. આફ્રિકા ખંડમાં રાતા અને ભૂમધ્ય સમુદ્રના કિનારા ઉપર, મિસર દેશમાં, આલજી-

રિયા, કેપ આફ ગુડ હોપ તરફ, તેમ પશ્ચિમ કિનારા ઉપર, ને મધ્યમાં પણ તે થાય છે. યૂરોપખંડમાં ઘણુંકરીને દરેક દેશમાં થાય છે. ને હંગરિ, જર્મની, ફ્લ્યાનડર્સ, ને ફ્રાન્સ એ દેશોમાં તો તે ખેતીનું એક મુખ્ય સાધન થઈ પડી છે. એશિઆ ખંડમાં તુર્કસ્તાન, ઈરાન, ફિલિપ્પૈન બેટ, તિબેટ, ચીન, હિંદુસ્થાન, જાપાન ને જાવા બેટો, લંકા, આસ્ટ્રેલિયા, ન્યૂઝીલેંડ, વિગેરે સર્વ ઠેકાણે થાય છે. તેનું વાવેતર બધે ઘણું થાય છે, કેમકે તે બધી હવામા થઈ શકે છે ઉત્તર તરફના સમશિતોષ્ણ દેશોમાં તમાકુ સારી થાય છે. ઉત્તર તરફ ૧૫° અને ૩૫° રેખાંશ વચ્ચેના પ્રદેશમાં તે બહુ સારી થઇ શકે છે.

તમાકુનો પ્રસાર કેટલો બધો થયો છે તે નીચેની હકીકત ઉપરથી જણાશે. વર્જિનિઆ દેશમાં સને ૧૫૬૨ માં ફકત સાઠ હજાર શેર તમાકુ ઉત્પન્ન થઇ હતી. પણ હાલ લગભગ એક કરોડ વીસ લાખ શેર ઉત્પન્ન થાય છે. ઇંગ્લાંડમાં પણ ત્રણ કરોડ શેર તમાકુ જાય છે; ત્યાં લોકોની સંખ્યાના પ્રમાણમાં દરેક માણસ ઓગણીસ ઔંસ તમાકુ વાપરે છે ને માથા દીઠ જતાં લગભગ પાંચ રૂપિયા થવા જાયછે. ફ્રાન્સમાં દરેક માણસ દીઠ સાડા અઢાર ઔંસ તમાકુ દર વરશે વપરાય છે. ડેનમાર્કમાં સાડા ચાર શેર; બેલ્જિયમમાં તેથી વધારે. આપણા દેશમાં તેનો પ્રસાર ઘણોજ છે. પછી પુછવાની શું વાત રહી? હવે પૃથ્વીના લોક સંખ્યામાં ૮૦ કરોડ માણસો તમાકુનો ઉપયોગ કરે છે. અને માણસદીઠ સાડાચાર શેર તમાકુ વપરાય છે. ન્યૂસૌથવેલ્સમાં માણસદીઠ ચૌદ શેર તમાકુ વપરાય છે. પેહેલા જેમ્સની વખતમાં ઇગ્લાંડ દેશમાં શ્રીમંત લોકો પાંચથી છ હજાર રૂપિયા તમાકુમાં ખરચતા, જો કે તે વખતે તમાકુ ઘણાજ મોંઘા ભાવે વેચાતી. ગૂજરાતમાં ચરોત્તરમાં ઘણીજ જમીનમાં તમાકુનું રોપાણુ થાયછે, તેથી જમીનનું સત્વ ઓછું થતું જાય છે. કેમકે તમાકુમાં ક્ષાર ઘણા અને વધારે પ્રમાણમાં હોય છે. તે ક્ષાર જે જમીનમાં તે વાવેલી હોય તેમાંથી તેને મળેછે. ઇંગ્લંડમાં જે તમાકુ ખાય છે, તેના બદલામાં ત્યાંની પ્રજાને બસ થાય તેટલા ઘઉં તેટલી જમીનમાં દર વર્ષે થઈ શકે. યૂનૈટેડસ્ટેટ્સમાં દર વર્ષે વીસ કરોડ શેર તમાકુ થાય છે. આખી પૃથ્વીમાં આશરે ચાર અબ્જ શેર તમાકુ થાયછે ને તેના ૫૦ કોટી રૂપિયા ઉપજે છે. તો એકંદર ત-

માકુ પાછળ લોકો કેટલું ખરચતા હશે તેનો આપ ખ્યાલ કરશો. જેટલું તમાકુનું વાવેતર છે તે પ્રમાણમાં તેનો ઉપયોગ પણ ઓછો થતો નથી.

અમેરિકા ખંડમાં તમાકુ દરેક ઠેકાણે જોવામાં આવે છે. ને ત્યાં તેનો ઉપયોગ અતિશય થાયછે. ત્યાં તેનો ઉપયોગ એટલો બધો છે કે ઇંગ્લંડના પેહેલા જેમ્સ રાજાએ તે વખત તમાકુ માટે જે શબ્દ કહેલા તે હાલ ત્યાં લાગુ પડે. તેણે કહેલું કે તમાકુની ટેવ આંખને કંટાળો ઉપજાવે એવી, નાકને તિરસ્કારદાયક, મગજને નુકસાન કરનારી ને ફેફસાંને જોખમમાં નાં- ખનારી છે, ને તેનો ધુમાડો એક બહુજ દુર્ગંધીવાળા નર્કના ખાડામાંથી વાસ આવે તે પ્રમાણે છે. યૂરોપખંડમાં તાપવાળી કયાસટાઇલ પ્રદેશથી તે આરચેંજીલના બરફવાળા પ્રદેશ સુધી, અને ઠેઠ પૂર્વથી તે ઠેઠ પશ્ચિમ સુધી બધી સ્થિતિનાને બધા દરજાના લોકોમાં તમાકુ પીવાની પાઇપ (નળી) ચીરૂટ ને છીંકણીની દાબડી સાધારણ થઇ પડી છે. પહેલા જેમ્સ રાજાએ તથા આઠમા અરબન પોપે આ બાબતમાં સખ્ત મનાઈ હુકમ કાઢેલા હતા. રૂશિયામાં તો પહેલા ગુન્હા માટે બાંધી મારવાનો હુકમ ને બીજા માટે દેહાંત શિક્ષા ઠરાવેલી. પણ જેમ જેમ તે બાબતની સખ્તાઈ કરવામાં આ- વી તેમ તેમ લોકોના મનમાં આવ્યું કે રાજાઓ તમાકુ પોતાના માટેજ રાખવા માગેછે ને તેનું સુખ આપણને લેવા દેતા નથી. તેથી બેશક આમાં કાંઇ સારૂં હશે. એમ ધારી તમાકુ તરફ તેમનું લક્ષ વધારે દોરાયું ને તેની મજા ચાખવાનો સ્વાદ થયો. પૂર્વ તરફ પણ તુર્કસ્તાન તથા ઇરાનના રાજાઓ તથા ધર્મગુરૂઓએ તમાકુ પીવામાં પાપ છે એમ પ્રસિદ્ધ કર્યું. તેમ છતાં હાલમાં તુર્ક ને ઇરાની લોકો જબરા તમાકુ પીનારા થઇ પડ્યા છે. આપણા દેશમાં ઘણુંકરીને તમામ વર્ણના લોકો તેનો ઉપયોગ કરે છે. પુરૂષ તથા સ્ત્રિઓ બંને તેને વાપરે છે. કોઇ સુંઘવામાં, કોઈ ખાવામાં તો કોઇ પીવામાં. શિઆમના લોકો તમાકુ થોડો ખાય છે પણ પીએછે બહુ. બરમી લોકોમાં તમામ લોકો છેક ત્રણ વર્ષના બાળકસુધી બીડીઓ પીએ છે. ચીન દેશમાં તો સાત આઠ વર્ષની બાળકીઓ પણ તમાકુ પીવાની નળી જ્યાં જાય ત્યાં સાથેજ રાખેછે.

તમાકુની જાતી.

તમાકુની મુખ્ય બે જાત છે. એક નાની. એ જાતનાં ઝાડ આશરે

ત્રણથી ચાર ફુટ ઊંચાં થાય છે. તેનાં પાંદડાં નાનાં પણ પહોળાં અને તેનાં ફૂલ પણ નાનાં હોય છે. આ જાતને અંગ્રેજીમાં જંગલી તમાકુ કહે છે. ને તે ઉત્તર હિંદુસ્તાનમાં અને ચીનમાં થાય છે. તેમ રૂશિયા, સ્વીડન, ઉત્તર જર્મની ને આયર્લાંડના ચોડા ભાગમાં પણ તે થાય છે. બીજી જાતનો તમાકુ જેને ઇંગ્રેજીમાં વર્જિન્યાનો તમાકુ કહે છે. તેનું ઝાડ પાંચથી છ ફુટ ઉચ્ચું થાય છે. તેનાં પાંદડાં લાંબાં ને ફૂલ મોટાં હોય છે. આ તમાકુ બીજા બધા દેશોમાં વવાય છે. આપણી ગુજરાતમાં પણ જે તમાકુ થાય છે તે પણ એ જાતનો થાય છે આપણે ત્યાં તેના બે પ્રકાર થાય છે. કાળીઉં-જેનાં પાંદડાં સૂકાએ કાળાં થાય છે, અને જે ફક્ત ગડાકુ કરવામાં વપરાય છે. બીજો જરદો, જેનાં પાંદડાં સૂકાએ પીળાં થાય છે, ને તે ખાવામાં,, સુંઘવામાં વપરાય છે. ઉપર જે મુખ્ય બે જાતો કહી, તે દરેકના નાના ભેદ ઘણા છે. પણ તે અહીંયાં કહેવાની જરૂર નથી. મીરજા પ્રાંતમાં પણ સારો તમાકુ થાય છે. તેને મીરજી તમાકુ કહે છે. તે ઘણો વખણાય છે. સુરતી જરદાને પણ લોકો વખાણે છે. કાઠીયાવાડમાં તમાકુ થોડી પાકે છે, પણ મદ્રાસ તરફ તે ઘણી થાય છે કે જ્યાંથી ચીરૂટ વિગેરે બનીને આવે છે.

તમાકુના માદક તત્વ.

એ ત્રણ જાતના હોય છે. તેમાં એક નીકોટીન નામનો ચીકણો તેલ જેવો પ્રવાહી પદાર્થ હોય છે. તે તાપ વડે ઉડી જાયછે ને બહુ ઝેરી હોય છે. તેમાં તમાકુનો વાસ આવેછે ને તીખો હોય છે. તેનું એક ટીપું કુતરાંને મારી નાંખવાને બસ હોય છે. ને ઓરડામાં તેનું એક ટીપું હોયતો ઓરડામાંના હવા ઝેરી થઇ જાય છે. તમાકુના પાંદડામાં દર સો રતીએ બે રતીએ નીકળે છે. સને ૧૮૫૧ માં ફ્રાન્સના એક ઉમરાવજાદાને પોતાના એક સગાને નીકોટીનનું ઝેર આપી મારી નાંખવા માટે ફાંશીની સજા થયેલી છે. હવાનાના તમાકુમાં નીકોટીન સો રતીએ બે રતી નિકળે છે. તેથી સાહેબલોકો તે તમાકુની ચીરૂટ વધારે પસંદ કરે છે. કેમકે તે ઓછી ઝેરી હોય છે. વર્જિનીયન તમાકુમાં છથી સાત રતી નીકોટીન નીકળે છે. હવે કેટલાકો કહેશેકે આવો ઝેરી પદાર્થછે, તે છતાં તમાકુ પીનારા ઉપર તેની તેવી કાંઈ વધારે અસર થતી નથી તેનું શું કારણ ? તેનું કારણ

એટલુંજકે તાપવડે કરીને તેનો કેટલોક ભાગ ઉડી જાય છે. વળી તમાકુ પીવાના પ્રકાર પ્રમાણે તેની અસર વધતી યા ઓછી થાય છે. તમાકુમાંથી બીજો તેલજેવો કડવો પદાર્થ નીકળે છે તેને મો ઉપર મુકીએ તો તમાકુથી જે અસર થાયછે તેવી તેનાથી થાય છે. નાકે લગાડવાથી છીંક આવે છે. અને ખાવાથી ફેર, ચક્કર, અને ઉલટી થાય છે. આ તેલ તમાકુના દર સો રતીમાંથી આશરે બે રતી નીકળે છે. તમાકુમાંથી ત્રીજું તીખાશ વાળું તેલ નીકળે છે. આ તેલ ઉડી જતું નથી. એ ઝેરી છે. એક બીલાડીની જીભ ઉપર એક ટીંપુ મુકવાથી તેને તાણ થઇ ને બે મિનિટમાં મરી ગઈ. હોટાન્ટાટ લોકો સાપની જીભ ઉપર એક ટીપું મુકી તેને મારી નાંખે છે. આ તેલથી સાપ વિજળીના ધમકારાની પેઠે તુરત મરી જાયછે ને તેથીજ આપણા દેશના કેટલાક લોકો કહેછેકે તમાકુ વધારે પીનારને સાપનું ઝેર ચઢતું નથી. તેથી કોઇ કહેશેકે જ્યારે તમાકુ પીનારને સાપનું ઝેર ચઢતું નથી ત્યારે શા માટે તેનો ઉપયોગ ન કરવો? તેઓને મારૂ કહેવું અટલુંજ છે કે સાપ જેવા ઝેરી જાનવરને જે ચીજ મારેછે તેનાથી માણસના જીવને કેટલું બધું નુકસાન થતું હશે વારૂ? આ તેલ તમાકુમાં થોડા પ્રમાણમાં હોય છે. આ ત્રણ માદક તત્વ તમાકુ પીનારા ઉપર અસર કરેછે. હુકાઓના પાણીમાં આ ત્રણે પદાર્થની હવાનો કેટલોક ભાગ પ્રવેશ કરતો હોવાથી બીડી તથા ચલમ જેટલું નુકશાન હોકો પીનારને કરતો નથી. તમાકુ ખાવાથી એની અસર ઓછી થાય છે. તેનું કારણ લાળની સાથે તેનો ઘણોખરો ભાગ થુંકી નાંખવામાં આવે છે. જે લોકો સખ્ત તમાકુ પીએ છે, તેમ વળી ઘણી વાર પીએછે તેમને હમેશાં નીશો રહે છે, જેથી તેમનું શરીર બગડે છે. ને જે લોકો છીંકણી તાણેછે તેમને સૌથી ઓછું નુકસાન થાયછે. તેનું કારણ એ કે છીંકણી બનાવતી વખતે આ માદક તત્વ ઘણુંખરાં ઉડી જાય છે. તમાકુમાં ત્રીજું જે માદક તત્વછે અને જે ઉડી જતું નથી, તે તેના લીલા પાંદડામાં હોતું નથી. પણ પાંદડાં સુકાયછે તે વખતે તે થાય છે. વળી તમાકુ સુકવણી વખતે તેમાં જે ઉડી જાય એવાં માદક તત્વછે તેનો કેટલોક અંશ ઉડી જાય છે. અને એજ કારણના લીધે જૂનો તમાકુ તાજા તમાકુ જેવો નુકશાનકારક હોતો નથી. તમાકુમાં લોકો ઘણી ચીજોનો ભેગ કરે છે. વખતે ધંતુરા જેવી ઝેરી ચીજો

નાંખે છે, જેથી વખતે શરીરને ભારે જોખમ થઇ પડે છે.

તમાકુનો ઉપયોગ.

તમાકુ ત્રણ તરેહથી થાયછે. સુંઘવામાં, ખાવામાં તથા પીવામાં. સુંઘવામાં તમાકુને ઝીણી ઘુંટીને અથવા ઘંટીમાં દળીને છીંકણી તરીકે તેનો ઉપયોગ થાયછે. છીંકણીને તપખીર અથવા સુંઘણી પણ કહેછે. કેટલાક લોકો તેમાં સુગંધી પદાર્થ નાંખેછે. આપણા ગુજરાતમાં વિરમગામ ને નડીયાદની છીંકણી વખણાયછે. દક્ષણમાં પુનાની. આપણા દેશ કરતાં યુરોપની છીંકણી જાડી ને કાળાશપર હોયછે. કેટલાક માણસો છીંકણીનો દાંત ઘસવામાં ઉપયોગ કરેછે. છીંકણી તાણનારા તેની તારીફ કરતાં કહેછેકે, "છીંકણી છેલા તણી, જેમ તાણીએ તેમ તાજા; જેના માથામાં દાબડી, તે છત્રપતિ રાજા." એમ પોતે ફુલણજી બનીને બીજાને પણ ફાંદામાં નાંખવા પ્રયત્ન કરેછે. કેટલાકો બીજી રીતે તારીફ કરતાં કહેછે કે;—

તપખીર લીઈ મુની તાપસને, તબહી સનકાદીકે એ મન ધાર્યો;
દત્ત, દીગંબર, નારદ, સારદ, વ્યાસ લીઈ જબ વેદ ઉચ્ચાર્યો;
એહી તપખીર વસી જબ અવધપુરી, રામ લીઇ જબ, રાવણ માર્યો.

અર્થ—તાપસમુનીએ જ્યારે તપખીર લીધી, ત્યારે સનકાદીક ઋષિયોએ પણ લીધી; દત્ત, દીગંબર, નારદ, સારદ, ને વ્યાસે જ્યારે લીધી ત્યારે તેમણે વેદ ઉચ્ચાર્યો. આજ તપખીર જ્યારે અયોધ્યામાં વસી ને રામે સુંઘી ત્યારે તેણે રાવણને માર્યો. આ કવિત ઉપરથી બે વાતો સિદ્ધ થાયછે. એકતો સુંઘનારાની બડાઈ, બીજી એકે, ઉપર લખેલા પુરૂષોથી જે પરાક્રમ થયાં તે છીંકણીના લીધે થયાં. ત્યારે તેમનામાં તો જાતી પરાક્રમ કાંઇ પણ નહોતાં એમ થાય છે. બીજું ઉપર જે તમાકુની પેદાશ માટે રાવણના વખતની દંતકથા કહી તે વાતને આ ખોટી પાડે છે. કેમકે આ દેખાડેછેકે તે વખત પહેલાં તપખીર થએલી, ત્યારે આવી વાતોમાં કેટલી સચ્ચાઈ છે તે જાણવું મુશકેલ નથી. આપણા દેશમાં છીંકણી સુંઘનારા પોતે સુંઘે છે એટલુંજ નહીં પણ બીજાને પોતાની પેડે વ્યસની કરે છે. સ્વીડનના ઉત્તર ભાગમાં કેટલાક લોકો છીંકણી નાકે લગાડવાને બદલે મોએ લગાડે છે. આઈસલેંડમાં ત્યાંના ખેડુતો હાડકાની એક નળીમાં છીંકણી ભરે છે, ને પોતાનું માથુ પાછળ નમાવીને નળીનું મો નાકમાં ઘાલી

ઉંધી કરે છે, ને એમ છીંકણીનો તડાકો એંચે છે. પછી એક બીજાને મોટી ખુશીથી સુંઘવા આપે છે. સ્કાટલેંડમાં પણ છીંકણી સુંઘવાનો ઘણો રીવાજ છે. આપણા દેશમાં પુરૂષો કરતાં સ્ત્રીઓ છીંકણીનો વધારે ઉપયોગ કરે છે. ફ્રાંન્સ દેશમાં 'રાપી' નામે છીંકણીનો ઉપયોગ બહુ થાય છે. ને ઇંગ્લંડમાં ત્યાંથી તેનો ફેલાવો થયો છે. છીંકણી ધુંટનારાઓને દમ, ક્ષયાદિક રોગ થયાના દાખલા મારા જોવામાં આવ્યા છે. હું જ્યારે પ્રાંતીજ હતો ત્યારે છીંકણીની દુકાનો બજાર વચ્ચે હોવાથી, લોકોની અરજી ઉપરથી સરકારે ત્યાં છીંકણી ધુંટવાનું બંધ કરાવ્યું. ત્યાં એક બ્રાહ્મણ જે છીંકણી ધુંટવાનું કામ કરતો તેને ક્ષય થએલો મારા જોવામાં આવ્યો હતો. છીંકણી કોઇવાર માથાના દરદ માટે અથવા સળેકમ માટે વાપરવાથી વખતે ફાયદો કરે છે. પણ ઘણા લોકો દાબડીઓ પાસે રાખીને આખો દહાડો છીંકણી સુંઘ સુંઘ કરે છે. તેથી કરીને પછી તે તેમને કાંઇ ફાયદો કરતી નથી એટલુજ નહીં પણ ઉલટુ નાકના અંદર ચાંદીઓ થાય છે. વળી માથાના, ગળાના, તથા પેટના દરદના તે ભોગી થઇ પડેછે, અને કેટલીક વખતે **'પીનસ'** નામનો ભયંકર રોગ થાય છે. હવે કેટલાકો એમ કહેશે કે હમે ઘણી મુદતથી છીંકણીનો ઉપયોગ કરીએ છીએ, તેમ છતાં અમને કેમ આ રોગ લાગુ ના થયો ? તેઓને મારૂં નમ્રતાપૂર્વક કહેવું એટલુંજ છે કે, જો કે તમને તે રોગ લાગુ થયો નથી, પણ જેના વડે આ રોગ થવાનો સંભવ રહે છે તેનાથી આપણે શા માટે વેગળા ના રહેવું જોઇએ ? વળી છીંકણીથી આપણા ઘ્રાણેંદ્રીય તથા સાદને પણ નુકસાન પહોંચે છે. વળી છીંકણી ધુંટનારાઓના જીવ ઘણા જોખમમાં હોય છે. તેઓને મોં બીડીને કામ કરવું પડે છે. તેમ છતાં કેટલીક વખતે છ છ, આઠ આઠ કલાક તેઓ બેભાન થઇ જાય છે. તમાકુ ખાવાથી અપચો, અજીર્ણ, મોનું ગંધાવું, દાંતનો સડો, અતીસાર, ઝાડો, મરડો, ઉલટી, ફેર વિગેરે નાના તરેહના રોગ ઉત્પન્ન થાય છે. કેટલાક લોકો તમાકુને ચુનો લગાડીને ખાય છે. તેથી વધારે ચાંદીઓ મોમાં પડે છે. તમાકુ ખાનારના દાંત મેલા હોય છે. ને તમાકુ ખાવાથી આખો દહાડો થુંકવું પડે છે. વળી મોમાંથી ખોરાકને પાચન કરાવનારી લાળ નિકળી જાય છે તે જુદી.

તમાકુ ખાનારની તમાકુ સુંઘનાર તથા પીનાર નિંદા કરતાં કહેછે કે

છેલ વ્યસન છીંકણી, રાજ વ્યસન હુકો;
તેડ વ્યસન ખાવાનું, તે જ્યાં બેસો ત્યાં થુંકો.

ખરૂં છે કે તમાકુ ખાનાર, માણસો વચે બેઠો હોય તો પણ તેને હરઘડી થુંકવા ઉઠવું પડે છે. પીવાની ત્રણ રીતો છે. એક ગડાકુ હુકામાં, બીજો જરદો, ચલમમાં ને બીડીઓ તથા ચીરૂટ. તમાકુના પાંદડાંને કાપીને તેની અંદર પાતળો કટકબ મેળવી, પાણી છાંટી, તેનો ગોળો કરે છે. કેટલાએક તેની અંદર મસાલો નાંખે છે. મુંબઇમાં કેટલાએક લોક દગો કરીને સીસમનો વેહેર નાંખે છે. મુસલમાન, રજપૂત, ગરાશીઆ, કોળી, કણબી, સુતાર, લુહાર, વિગરે હુકો પીએ છે. ને આ હુકાના વ્યસનમાં આળસુ થઈ મુસલમાન, તથા રજપૂત લોકોએ પોતાનું રાજ ગુમાવ્યું. તે હાલ પણ કંગાળ દશા ભોગવે છે. કાઠીયાવાડમાં હુકો પીવાનો ચાલ ઘણો છે. તેમ ગુજરાતમાં પણ છે. ગરાશીઆ, કણબી, ને મુસલમાન લોકો તેને સાથે ને સાથેજ રાખે છે. આપણા દેશમાં ઝીંઝીંનાં પાંદડામાં તમાકુ નાખી બીડી પીએ છે. કેટલાક લોકો કેળનાં સુકાએલાં પાંદડાં અથવા કાગળ વાપરે છે. ચીરૂટ તમાકુના પાંદડાંને સાત આઠ વખત વાળી કરે છે. બીડી તથા ચીરૂટ પીવાની ટેવ જુવાનીઆઓમાં ઘણી વધી પડી છે. સુરત, મુંબઈ, પુના કરતાં જો કે અમદાવાદમાં આ વ્યસન ઓછા પ્રમાણમાં છે તો પણ રસ્તે ચાલતાં જોઇશું તો ઘણા જુવાનીઆઓના મોંમાં બીડીઓ જોવામાં આવશે. વીસ વર્ષ પહેલાં આપણા અમદાવાદ શહેરમાં બીડી જોઈએ તો માણેકચોકમાં જવું પડતું. પણ હાલતો દરેક ચકલે પાંચ પાંચ, છ છ બીડીની દુકાનો જોવામાં આવશે. ઓછામાં ઓછી દર વરશે આપણા શહેરમાં એકલાખ રૂપીઆની બીડીઓનો ખપ થતો હશે. છીંકણીનું વ્યસન જો કે તમાકુ ખાવાના અથવા પીવાના વ્યસન જેટલું ભયંકર નથી, તેમ છતાં તેનાથી એટલું નુકસાન થાય છે તો જે લોકો તમાકુ પીએ છે તેમને કેટલું નુકશાન થતું હશે, તેનો વિદ્વજ્જનો આપજ વિચાર કરશો આપણા દેશમાં પણ તમાકુ તથા બીડીઓ પીવાથી ઘણા માણસોને નુકસાન થયાના દાખલા બન્યા છે. સૌથી વધારે નુકસાન ચલમથી તથા બીડીથી થાય છે. તેથી ઓછું હોકાથી થાય છે. તેનું કારણ તેમાં ગોળ વિગેરે મસાલો નાખવામાં આવે છે, ને પછી તેનો ધુમાડો પાણીની અંદર થઇને આવે

છે, તેથી તેમાંનો ઝેરી ધુમાડો પાણીમાં ઘણો ખરો જતો રહે છે, ને ચલમમાં ને બીડીમાં તે તુરત જેવોને તેવો શ્વાસોશ્વાસમાં જાય છે. ને તેથી મોનાં, ગળાનાં દરદો, દમ તથા ક્ષય ને મગજમાં તથા જઠરમાં ને નળમાં નાનાં તરેહના વિકાર થાય છે. જે વિદ્યાર્થીઓ તમાકુ પીએ છે તેમની સ્મરણ શક્તિ નરમ પડી જાયછે તેથી અભ્યાસ બરાબર થઇ શકતો નથી.

તમાકુથી થતી શરીર ઉપર અસર.

કેટલીક વખતે તમાકુથી ઝાડાનો ને પેશાબનો ખુલાસો થાય છે. પણ ઘણી વખતે તો તેનાથી ફેર, ઉલટી, અશક્તિ થાય છે. નાડી નરમ પડે છે. ચેરો ફીકો પડે છે. શરીર ટંડુ થઈ જાય છે. જો વધારે ખાવા અથવા પીવામાં આવી હોય તો તાણુ અને પક્ષ વાયુ થાય છે. તેમ મોમાં ભયંકર ચાંદીઓ થાય છે. પેટમાં દરદ થાય છે. લોહીનું ફરતું પણ નરમ પડી જાય છે. ને કોઈ કોઈ વખતે આંખે દેખાતું નથી ને બેશુદ્ધ થઈ માણસ મરી જાય છે. ડાકટર હસબંડ લખે છે કે તમાકુથી ચકર આવે છે. નાડી નરમ પડે છે. કપાળ ઉપર ટાઢો પરશેવો વળે છે. ને હેરાન થાય છે. તમાકુ શરીર ઉપર લગાડવાથી પણ તેની અસર થયા વિના રહેતી નથી. ને કેટલાકોને તુરત ઉલટી થાય છે. ડાકટર માર્શલહાલ લખે છે કે એક માણુસે બે તમાકુની ચલમો પીધી તેથી તેને ઉલટી થઇને બેશુદ્ધ થયો ને પાછળથી તાણુ થઈ. છીંકણીથી ફ્રાન્સનો એક પ્રસિદ્ધ કવિ સાનટુલ બે દહાડામાં મરી ગયો. આશરે બે આની ભાર તમાકુ ખાધાથી મરણુ થએલા દાખલા બનેલા છે. ડાકટર. ટેલર લખે છે કે "સને ૧૮૭૭ માં એક લાકડાની ચલમ પડેલી હતી. તે એક માણુસે પોતાના છોકરાને આપી. એ ચલમમાં એ માણુસ પહેલાં તમાકુ પીતો હતો. તેણે તે ચલમ ધોઇને છોકરાને રમવા સારૂ આપી. છોકરાએ સાબુના પાણીના પરપોટા ઉડાડવા સારૂ તેનો ઉપયોગ કરવાથી તે બેશુદ્ધ થઇને મરી ગયો. આ ઉપરથી મિત્રો, આપ જોશો કે તમાકુનું ઝેર કેટલું ભયંકર છે. જો કે બધાઓને એટલા દરજ્જે નુકશાન થતું નથી ,તોપણુ તેના ઉપયોગના પ્રમાણુમાં થોડી ઘણી અસર થયા વિના રહેતી નથી. વૈદકમાં પહેલાં થોડો થોડો તમાકુનો ઉપયોગ થતો, તે તેના અંદર ઝેરી પદાર્થો છે તેના લીધે લગભગ બંધ થઈ ગયો છે. ડાકટર પરીરા કહે છે કે એકી વખતે ૧૭–૧૮ વાર ચલમ

પીવાથી મરણ થયેલાં છે. ડાકટર પ્રાઉટ કહે છે કે તમાકુ પીવાથી માણુસો નબળા પડી જાય છે ને લોહીમાંથી લાલાશ ઘટીને પીળાશ આવે છે. છીંકણી સુંઘવાથી અજીરણ તથા કલેજાનાં ને જઠરનાં દરદ થાય છે. એવા દરદોથી મૃત્યુ થએલા દાખલા મૌજુદ છે. જે લોકો બિડી અથવા ચીરૂટ પીએ છે તેમને હોઠ, મોં તથા ગળામાં Cancer (ગ્રંથી) નામનો એક ભયંકર રોગ થાય છે. માટે માણસો જો પોતાની અકલ વાપરે તો શરીરને નુકશાનકારક આ વસ્તુ વેળાસર નાબુદ થઈ જશે.

ન્યુંઇંગ્લંડને ન્યુયાર્કના સમજુ લોકો તમાકુને ધિક્કારે છે. ત્યારે પશ્ચિમ ને દક્ષિણ તરફના ત્યાંના લોકો તેમાં આનંદ માને છે. પહેલા દરશાવેલા માણુસો તેનો અટકાવ કરવા કાયદો કરવા પ્રયત્ન કરે છે જે બહુ સ્તુતિ પાત્ર પગલું તેઓએ ભર્યું છે. રૂશિયામાં કેટલાક લોકો છે તે તમાકુને બહુજ ધિક્કારે છે. ન્યુઇંગ્લંડના લોકોમાં તમાકુથી તરશ વધારે લાગેછે ને તમાકુ પીનારા દારૂ પીનારા બની જાયછે. અરેબીયનનાઇટમાં પણ તેનો ઉપયોગ વખત જવા માટે કરેલો બતાવવામાં આવ્યો છે. આ વાત ખરી છે કે તમાકુનું વ્યસન દારૂ જેટલું ખરાબ નથી પણ તે નુકશાનકારક છે એમાં તો કાંઈ સંદેહ નથી. હવે એટલી વાત ખરી કે દેશ, હવા, શરીરનોબાંધો ને સ્વભાવ પ્રમાણે તેની અસર વધતી ઓછી થાય છે. કેટલાક લોકોનું કહેવું એમ છે કે શરીરને તે શાંત કરે છે ને વિચાર મજબુત કરે છે. પણ ડાકટર મેડન કહે છે કે તેનાથી કોઇ કોઇ વખતે ક્ષણિક મજા જણાય છે. પણ થોડીવાર પછી તેના વિચાર બંધ થઇ જાય છે ને તેનો દાખલો જોઇએ તો તુર્ક લોકોનો લો, કે જે વધારે તમાકુનો ઉપયોગ કરેછે. તે વખતે તેઓના વિચાર બંધ થઇ જાય છે. ડાકટર પાર્કસ કહે છે કે તમાકુથી કોઈ તરેહનો ફાયદો નથી માટે તેનો ઉપયોગ બિલકુલ ન કરવો જોઇએ.

ઉપસંહાર.

બંધુ વર્ગ—ઉપર જે જે બાબતો મેં જણાવી તેથી આપના જાણુવામાં આવ્યું હશે કે તમાકુનું વ્યસન ખોટુંછે. પણ તેના સાથીઓ કહેશે કે મેં એક તરફી વાત જણાવીછે. કેટલાકો કહેશે કે તમાકુથી અમને ઝાડો સાફ થાયછે; બીજાઓ કહેશે કે અમને ખાધેલું પચેછે; કેટલાકો કહેશે કે અમારો

તેથી વખત જાયછે; કેટલાકો કહેશે કે તમાકુનું વ્યસન લોકોમાં તુચ્છ ગણાતું નથી. તેઓને મારો જવાબ એટલોજ છે કે તમે દરેક તમાકુ વાપરનારને પુછશો તો તેનાથી તેમને શું સુખ થાયછે શાથી તે વ્યસન તેમને લાગ્યું, અને શા કારણથી તે છોડી શકતા નથી? તેનો એક પણ સમાધાનકારક જવાબ તેમના તરફથી મળવાનો નથી. વખતે એકાદ માણસને એક વખતે તમાકુ પીવાથી ઝાડાનો ખુલાસો થયો તેથી કરીને બધાને તે પ્રમાણે થશે તેવું માનવું ભુલ ભરેલુંછે. વળી જે ચીજથી નુકશાન ઘણું છે તેવી સો નુકશાનવાળી ચીજને એક નફા માટે ગળે વળગાડી લેવી એ ડાહ્યા માણસનું કામ નથી. તમાકુના માટે એક કહેવત છે કે–"ખાય તેનો ખૂણો, પીએ તેનું ઘર, અને સુંઘે તેનાં લુગડાં, એ ત્રણે બરાબર." જે લોકો તમાકુ ખાયછે તેમને આખો દિવસ જ્યાં ત્યાં થુકવું પડેછે. જે લોકો તમાકુ પીએછે તેઓનું ઘર તમાકુની રાખથી ઠેર ઠેર ખરાબ થયેલું હોયછે. અને જે લોકો છીંકણી સુંઘેછે તેમનાં લુગડાંઓને આખો દિવસ નાક છીંકવાથી ડાઘ પડેછે. તમાકુથી આખો દિવસ થુકવું પડેછે અને તેથી મોંમાની લાળ જે છે તે કાઢી નાંખવી પડેછે. આ લાળ ખોરાકને પાચન કરવા જરૂરછે, અને તે નીકળી જવાથી ખાધેલું પચતું નથી. વળી આ કામમાં લાખો રૂપિઆ લોકોના બરબાદ થાયછે.

વળી Nature (કુદરત) પણ આપણને તમાકુનો ઉપયોગ કરવા ના કહે છે. કેમકે પહેલાં આપણે તેનો ઉપયોગ કરવા જઇએ તો તુરત ફેર તથા ઉલટી થઇ આવેછે, ને તે દેખાડેછે કે આપણે તેનો સ્પર્શ પણ કરવો ન જોઇએ. તમાકુ શરીરના ઉપર લગાડવાથી પણ ઉલટી થયાના દાખલા મેં જોયાછે. ત્યારે આપ પુછશો કે એમ છે તો આટલા બધા લોકો કેમ તમાકુ પીએછે? તેનું કારણ પીનારા એમ સમજેછે કે તમાકુ પીવું મર્દાઇ ભરેલું છે, ને પોતાના બાપદાદા પીએ છે માટે આપણે પણ પીવી જોઈએ. એમ ઘણાં વ્યસનો પેઢી દર પેઢી ઉતરેછે. વળી તમાકુ પીવાથી તેવા પીનારની સોબત થાયછે, ને એક વખત ટેવ પડી કે જલદી છુટતી નથી. પણ તમાકુ એ એક ભારે વિષછે. તે શરીરને નુકશાન કરનારી વસ્તુછે. રસાયણ શાસ્ત્રીઓ તથા વૈદ્યોનો આ અભિપ્રાયછે. કેટલાક એવા ઝેરી પદાર્થનો ઓષડ તરીકે ઉપયોગ થાયછે. આ વાત ખરી પણ તે ઉપરથી તેનો ઉપયોગ તં-

દુરસ્તીમાં વ્યાજબી ગણાય કે? તમાકુ તંદુરસ્તીને બગાડનારી ચીજ છે. ઔષધ તરીકે પણ તેનો ભાગ્યેજ ઉપયોગ થાયછે. તે અન્ન અથવા પથ્ય નથી. તે શક્તી અથવા પૌષ્ટી આપતું નથી. ડાક્ટર ફીસ્કેલ નામના વૈદ્યક ગ્રંથકારે લખ્યું છે કે "તમાકુ એક જબરૂં ઝેરછે." ફ્રાન્સ દેશમાં શાળાઓમાં તથા પાઠશાળાઓમાં તે પીવાની સખત મનાઈ છે. યૂનૈટેડસ્ટેટસમાં લશ્કરી શાળાઓમાં પણ તેનો ઉપયોગ કરવા દેતા નથી કેમકે બીડીઓથી સ્મરણશક્તી મંદ પડી જાયછે ને વિદ્યાર્થીઓ નબળા પડી જાયછે. જે માણસો તમાકુની દુકાનોમાં કામ કરેછે તેઓની તનદુરસ્તી તમાકુની ઝેરી હવા સુંઘવાથી બગડેછે. ડાક્તર ટવીચેલ નામનો એક નામાંકીત દાક્તર લખેછે કે તમાકુથી ફેફસાં, દીલ, તથા જઠરના સ્નાયુ નરમ પડી જાયછે ને દીલનો ધબકારો કોઇ કોઈ વખતે એકદમ બંધ પડી જાયછે. તેનાથી મોં, હોઠ, ગળુ તથા જઠરના Cancer (એક જાતનો ગ્રંથી) થાયછે ને તેનાથી માણસ મરી જાયછે. તેના દાખલા જોઇએ તો આપણાં મહારાણીજીના જમાઈ જર્મનીના શહનશાહ ફ્રેડરીક તથા જનરલો ગ્રાંટ તથા પાર્ઇક વિગેરે આ દરદો થઈ મોતના પંજામાં ફસેલા વડોદરામાં જર્મનીથી એક પ્રોફેસર કલાભુવન માટે આવેલો તેમને પણ આ દરદ થઈ બેવાર કપાવ્યા છતાં તે મોત શરણે થયો. એવા અનેક દાખલા છે. અહીંયાં એક મહેતાજી છે તે તમાકુ ફકત ખાતાજ હતા, તેમને તેનાથી ઉલટીનો જે જબરો રોગ લાગુ પડયો તે કોઇ પણ ઔષધે મોટા મોટા દાક્તરોની દવા કર્યા છતાં મટયો નહીં. છેવટ તેમના એક મિત્રે તેમને સલાહ આપી કે તમાકુ ખાવાનું છોડી દો. જ્યારથી તમાકુ ખાવાની છોડી દીધી ત્યારથી ઉલટી તુરત બંધ થઇ ગઇ ને સાજા થઇ ગયા. તે દહાડાથી તેમણે તમાકુ ખાવાની સાફ તજી દીધીછે ને હાલ સારી તનદુરસ્તી ભોગવેછે. દારૂની પેઠે તમાકુથી વખતે ક્ષણિક મજા લાગે પણ તેનો કાયમ ગુણ નસોને નરમ કરવાનોછે.

યુનૈટેડ સ્ટેટસમાં કેટલીક જગોએ સોળ વરસની અંદરના છોકરાઓને બિડીઓ વેચાતી ન આપવી એવો કાયદોછે. આપણા દેશમાં જુવાન છોકરાઓને માટે તેવો કાયદો થાય તો કેવું સારૂં થશે વારૂ? એવા છોકરાઓ પીતા જણાય તો તેમને કાંઈ પણ શિક્ષા કરાવવામાં આવે તો વધારે સારૂં.

તમાકુના વ્યસનમાં પૈસા કેટલા બરબાદ થાયછે તેનો પણ ખ્યાલ કરો. જે ચીજથી નુકસાન થાયછે તેના માટે પૈસા ખરચવા એ કેટલી શરમ ભરેલી વાતછે. પૈસાથી કુટુંબનું પોષણ થાયછે ને સુખનું, વિદ્યાનું ને ધર્મનું તે સાધન છે, માટે તેનો ખોટા કામમાં ઉપયોગ કરવો એ એક પાપછે; કેમકે બૈરાં છોકરાંઓને ખાવા ના મળે તો ચાલ્યું. પણ તમાકુ પીવાને માટે પૈસા ખરચાઇ શકાયછે એ ઇશ્વરનો ગુન્હો થાયછે, એમ નહી તો બીજુંશું ? તમાકુ પાછળ કરોડો રૂપિઆ ખર્ચ થાયછે. તેજ જો સારા માર્ગે વપરાયતો દેશને કેટલો ફાયદો થાય વારૂ? જે જે દેશોમાં તેનો ઘણો ઉપયોગછે તે કંગાલ હાલતમાં આવી જાયછે. તમાકુની ટેવ શક્તીને હણનારી છે. જે લોકો પીએછે છે તે સુસ્ત બની જાયછે. માણુસનો ઉત્સાહ તેનાથી નાશ પામેછે. તુર્કસ્થાન, ચીન, મિસર, સ્પેન, વેસ્ટઇંડીજ, દક્ષિણ અને મધ્ય અમેરિકા ને મેક્સિકોનો દાખલો જુઓ. ત્યાંના લોકો કેવા નબળા પડી ગયાછે. આપણા દેશમાં રજપૂત ને મુસલમાન લોકોને જુવો તેમની બુદ્ધિ કેવી ક્ષિણ થઇ ગઈછે ? તમાકુ પીવાની હાઈસોમાં, રેલવેમાં વગેરે જાહેર ઠેકાણે મનાઈ હોયછે. તેનું શું કારણ ? કેમકે તેના ધુમાડાથી પાસેના માણુસોને ત્રાસ થાયછે. લંડન ટાઈમ્સ નામના જગપ્રસિદ્ધ વર્તમાન પત્રે લખ્યું છે કે તમાકુ પીનારા બીજાઓને ત્રાસ ઊપજાવેછે તેનો તેમને ખ્યાલ હોતો નથી. બીજાના મોં ઉપર જ્યારે નીકોટીન ભરેલો તમાકુનો ધુમાડો તે છોડેછે ત્યારે તે તો સમજે છે કે તેમાં કાંઈ નુકશાન નથી. કેમકે બીજા સુખી કે દુ:ખી થાય તેની તેમને પર્વા રહેતી નથી. સભ્યતાના નિયમોનો તમાકુ ખાનારા તથા પીનારા જેટલો ભંગ કરેછે તેટલો બીજા કોઇ કરતા નથી. આ કારણના લીધે મેકિસકોમાં દેવળોમાં કોઇએ થુંકવું નહીં એવાં પાટીયાં ચોડેલાં હોયછે. વળી જે લોકો તમાકુ પીએ છે તેમને તેના દાસ થઇને રહેવું પડેછે. માટે આવી ગુલામગીરીમાંથી છુટવું જરૂર છે. જે ટેવથી આપણી વર્તણુક સારા લોકોમાં ઠપકાને પાત્ર થાય તેવી ટેવ દુર કરવી જોઈએ, ને "માણુસ" સંજ્ઞાને શોભીએ તેમ આપણે રહેવું જોઈએ. લડાઇખોરા શત્રુઓને ઠેકાણે કરવા કરતાં દુષ્ટ વ્યસનને જીતવું એ વધારે શૌર્યનું કૃત્ય ગણાયછે. આપણો દેશ ગરીબછે ને ઘણાખરા લોકોને પુરતું ખાવા મળતું નથી તેમ છતાં હજારો વીઘા જમીન તમાકુમાં વપરાયછે. તેના બદલામાં ખોરાકની ચીજો વવાયતો લોકોને તે

ચીજો મળે. આપણા દેશમાં ઘણાખરા તમાકુનો ઉપયોગ કરેછે તેથી પૈસાની કેટલી બધી હાની થાયછે? પારશીલોકોમાં અને વ્હોરાલોકોમાં તથા બીજા જે લોકોમાં તમાકુનો ઉપયોગ થતો નથી તે લોકોને આપણે કેટલા સુખી જોઈએ છીએ? એમ છે ત્યારે આપણે શા માટે એવા વ્યસનથી દુર ના રહેવું? ધારો કે નુકસાન થતું નથી તોપણ જયારે તે તનદુરસ્તીને માટે આવસ્યક નથી, જ્યારે તેમાં પૈસા જાયછે, જ્યારે તેમાં વખત રોકાયછે, ત્યારે આપણે શા માટે તેનો ઉપયોગ કરવો જોઈએ? હાલમાં જુવાનીઆઓમાં બીડી પીવાનો શોખ વધારે વધેલો છે, અને કેટલાએક નાના ચાર પાંચ વરસના છોકરા પણ બીડી પીતાં મારા જોવામાં આવેલા છે. કેટલાએક છોકરા ઉઘાડે છોગે રસ્તા વચ્ચે બીડી પીતા જોવામાં આવેછે. કેટલીક વખતે બીડી પીતાં લુગડાં સળગીને શરીરને નુકશાન થએલાંછે. માટે મારા તરૂણ બંધુઓ! જે આ વ્યસનમાં પડેલા હશે તથા બીજા તમાકુ પીનારાઓને મારી નમ્ર ભલામણ છે કે જો તેઓ તન, મન, ધન, ને આબરૂ, ધર્મ તથા નીતિની દરકાર રાખતા હોય તો તેઓએ આ દુર્વ્યસનથી, જેમ આપણે સાપથી દૂર નાસીએ છીએ તેમ, એનાથી વેગળા રહેવું. આ શહેરમાં પણ દહાડે દહાડે બીડીનો બહુ ફેલાવો થતો જાયછે, અને તેનું પ્રમાણ જોઇએ તો હાલ અહીંઆં તમાકુની દુકાનોની સખ્યા દહાડે દહાડે વધતી જાયછે. કેટલાએક લોકો બીડી વાળતી વખતે થુંકથી બીડી વાળેછે તેવી બીડી પીવી એ કેટલું અશુદ્ધ ગણાય વારૂ? વળી તમાકુ બાંધતી વખતે ઢેડ, વાઘરી વિગેરે લોકો મોમાં પાણી લઇને તેનો ફુકારો પડા બાંધતી વખતે દરેક પાંદડાઉપર મારેછે. આવી તમાકુનો ઉપયોગ કરવો તે ધર્મ વિરૂદ્ધ છે કે નહીં તેનો સર્વ વિચાર કરશો; કેમકે આવી કેફેથી પૈસાનીજ હાની થાયછે એમ નથી પરંતુ શરીરની પણ થાયછે. વળી તમાકુના વ્યસનીને તેમનો ધર્મ વહાલો હશે તો ધર્મની ખાતર પણ આ ઉપરની વાત સાંભળી તે વ્યસન તજી દેશે એવી હું આશા રાખુંછું. હવે મારા ભણેલા ને વિદ્વાન બાંધવોને મારી વિનંતિ એટલીજ છે કે તેઓમાંથી જે કોઇ સાહેબલોકોની પેઠે મોમાં ચીરૂટ રાખી લોકો આગળ ફરતા હશે તેઓ બે રીતે ઠપકાને પાત્ર છે. એક તો પોતે વિદ્યાને લજવાડેછે, ને બીજું અભણ માણસોમાં પોતાનો ખોટો દાખલો બેસાડેછે. કેમકે અભણ લોકો ભણેલા જે કરે તે સારૂં છે તેમ સમજી તેમનું

અનુકરણ કરવા જાયછે. માટે તેઓએ સૌથી પહેલાં આ વ્યસન તજી દેવું જોઇએ એટલુંજ નહીં પણ જે લોકો આંધળા થઇને આ વ્યસનમાં પડેલા હોયછે તેમને પણ તેનાથી વારવાની તેમની ફરજ છે. કેમકે ફારસીમાં એમ કહેલું છે કે આંધળો ચાલતો હોય ને તેના આગળ કુવો છે તે, તે જોતો નથી ત્યારે જે આંખે દેખેછે તેઓએ તેને વારવો જોઇએ નહીંતો પરમેશ્વરના તેઓ ગુનેહગાર થાયછે. દેશના સુધારાનો આધાર તેના કેળવાએલા ગૃહસ્થો પર હોયછે. માટે પરમેશ્વર તેમને આ વ્યસનથી લોકોને વારવાની બુદ્ધિ તથા શક્તિ આપે એવી મારી તેને પ્રાર્થનાછે.

ભાગની ઉત્પત્તિ તથા પ્રસાર.

મિત્રો હવે ભાંગ વિષે વિવેચન કરવાની રજા લઉછું. ભાંગ એ શબ્દની ઉત્પત્તિ સંસ્કૃત શબ્દ **भङ्गा** થી થએલીછે. તેથીજ સાબીત થાય છે કે ભાંગનો ઉપયોગ આપણા દેશમાં પ્રાચિન કાળથીછે. હિંદુઓમાં શિવને તથા બળદેવને પણ તે ચઢાવેછે અને એમ કરીને તેને ધર્મનું રૂપ આપી ઘણા લોકો પીએછે. પણ હિંદુઓના કોઇ પણ ધર્મશાસ્ત્રમાં ધર્મના કામમાં તેનો ઉપયોગ કરવો એમ લખેલું નથી. ભાંગનો પ્રસાર ઘણા દેશોમાં છે. ભાંગનું ઝાડ આશરે સાત ફુટ ઊંચુ હોયછે અને તેની બે જાતો હોય છે. નર ને નારી નારી જાતીનોજ ઉપયોગ આ દેશમાં થાયછે. ને દરેક ઠેકાણે થોડો ઘણો વવાયછે. ગાંજાના ઝાડનો રંગ લીલો હોયછે. સુકાય છે ત્યારે પણ તેવોજ રહેછે ને તેનાં પાંદડાં લાંબાં હોયછે. આ ઝાડ હજારીગોટા જેવું દેખાય છે. નર ઝાડને કોઇ ભાંગરો કહેછે. તેનો ઉપયોગ થતો નથી.

ગાંજાનું વાવેતર ઘણું કરીને ચોમાસામાં થાયછે, ને શિયાળામાં તેની કળીઓ કામમાં આવેછે. આ કળીઓમાં મકના દાણા જેવાં બીયાં થાયછે. ગાંજાનું વાવેતર આપણા દેશમાં ઘણું થાયછે. તેમાં દક્ષિણમાં ને ઉત્તર હિંદુસ્થાનમાં ઘણુંછે, હિંદુસ્તાનમાંથી ઇરાનમાં ને ત્યાંથી યુરોપખંડમાં ભાંગનો ફેલાવો થએલો જણાયછે. આ, તમાકુને બટાટાની પેઠે ગમે તેવી જમીન હોય ત્યાં થાયછે, તેથી તે આપણા દેશમાં, ઇરાન ને અરબસ્તાનમાંજ થાય છે એટલુંજ નહીં પણ આફ્રિકામાં, ઉત્તરથી દક્ષિણ સુધી અમેરિકામાં, ઉત્તર અને પૂર્વ તરફના પ્રદેશોમાં બ્રેઝલ દેશમાં ને યુરોપમાં દરેક દેશમાં થાયછે. ઉત્તર રૂશિયામાં તો ખેતીનું આ એક મુખ્ય સાધન છે. આપણા ઈલાકાથી સણ બેંગાલ દેશમાં ઘણો થાયછે. ગાંજાના ઝાડની અંદર રસમાં એક રાળ જેવો પદાર્થ નિકળેછે તેના અંદર નિશો રહેલોછે. ઉત્તર તરફના દેશોમાં આ થોડો નિકળેછે. ગાંજાના ઝાડનો બાસ તરેહવાર આવે છે ને જે લોકો ગાંજાના ખેતરમાં ઘણીવાર રહેછે તેમને ફેર તથા માથામાં દુખાવો થઇ આવેછે. આનું કારણ કે તેના અંદર ઉડી જાય એવું એક માદક તત્વ હોયછે. પૂર્વ તરફના દેશોમાં આ રાળ જેવો પદાર્થ વધારે નિકળે છે. તે મુખ્યત્વે ઝાડનાં ફુલ, પાંદડાં ને ડાંખળીઓમાંથી નિકળે છે. ઉપર કહ્યું તેમ ઉત્તર તરફના દેશોમાં એમાંથી

સણુ સારો થાયછે પણ નિશાવાળો પદાર્થ બહુ થોડો થાય છે. ને પૂર્વ તરફના દેશોમાં તેમ આપણા દેશમાં સણુ સારો થતો નથી. પણ આ ઝાડમાંથી રાળ જેવો નિશાવાળો પદાર્થ કુદરતિ રીતે નિકળેછે તે માટે તેનું વાવેતર બહુ થાયછે. નેપાળમાં આ રસ અફીણુની પેઠે લોકો હાથે વતી કાઢી લેછે. આ બહુ ચોખો હોયછે ને તેની કિમત પણ સારી આવેછે. તેને 'મમીયા' કહેછે. સુકાયા પછી પણ તે નરમ રહેછે, તેમાંથી સુગંધ આવેછે ને તાપ વડે તે જલદ થાયછે. જીભે તે તિખાશ ને કડવાશવાળો લાગેછે. મધ્ય હિંદુસ્થાનમાં માણુસો ચામડાનાં કપડાં પહેરી ગાંજાના ખેતરમાં આગળ પાછળ ઝાડોને ઠોકતા દોડે છે, તેથી જે રસ ચામડાને ચોટેછે તે કાઢી લેછે. કાબુલમાં તેનો ચરસ તરીકે બહુજ ઉપયોગ થાયછે, પણ નેપાળના મમીઆ જેટલી આની કીમત આવતી નથી. ઈરાનમાં જાડાં લુગડાંમાં આ ઝાડને દબાવીને રસ કાઢેછે, ને પછી લુગડાંમાંથી કાંઢી લેઇ થોડા ગરમ પાણીમાં તેને નરમ કરેછે. હીરાતમાં ચરસને "કિર્સ" કહેછે ને તે બહુ નિશાવાળો હોયછે. આ ઝાડનાં બિયાંનો ઉપયોગ નિશા કરવામાં થતો નથી. આખી પૃથ્વી ઉપર આસરે વિસથી ત્રીસ કરોડ માણુસો ભાંગના ઝાડનો નિશામાં ઉપયોગ કરેછે. દારૂ શિવાયની બધી નિશાઓમાં ભાંગનો ત્રીજો નંબરછે. પેહેલો તમાકુનો, બીજો અફીણુનો, ને ત્રીજો ભાંગનો. આ નિશો જુના વખતથી ફેલાએલોછે. તેથી કોઇએ એમ ન ધારવું કે આપણા બાપદાદા કરતા આવ્યાછે માટે આપણે પણ કરવું જોઇએ. એમ કરીને બિજા પડ્યા માટે આપણે પણ શા માટે કુવામાં પડવું જોઇએ ? આપણા પુર્વજોમાં જે કાંઇ સારૂં હોય તેનું આપણે અવસ્ય અનુકરણ કરવું. પણ આપણે જાણ્યા છતાં નઠારાં વ્યસન શા માટે વળગાડી લેવાં ? જુના વખતમાં સિથીઅનલોકો ભાંગનો ધુમાડો લઈ નિશો કરતા. હોમરે ઇલીયડનું કવિતાનું પુસ્તક કર્યુંછે તેમાં હેલને ટેલ્યાકસને આ નિશો પાએલાનું લખ્યુંછે. મિસર દેશમાં પણ જુના વખતમાં તેનો ઘણો ઉપયોગ થતો. અરેબીયન નાઇટસ નામના પુસ્તકમાં પણ તેનો ઉપયોગ ત્યાંના લોકોમાં થયાનું લખેલુંછે. આપણા દેશમાં ઉત્તર તરફના લોકો એનો ઘણો ઉપયોગ કરેછે. ગુજરાતમાં, સુરતમાં તેનો ઘણો ઉપયોગ થાયછે; ને સુરત શહેરની પડતીનું એક કારણુ ત્યાં દારૂ તથા ભાંગ વિગેરે વ્યસને જે ઘર

ધાલ્યુંછે તે હોવું જોઇએ. સારા ભાગ્યે આપણા શહેરમાં તેનો ઝાઝો ઉપયોગ જોવામાં આવતો નથી. ઇરાનમાં, યૂરોપના પૂર્વ ભાગોમાં, ને મુસલમાની દેશોમાં તે ઘણોજ વપરાયછે. ઉત્તર આફ્રિકામાં મૂરલોકોમાં તે ફેલાએલોછે. દક્ષિણ આફ્રિકામાં ત્યાંના હાટેનટાટ લોકો 'ડાચા' (ભાંગનો) નિશા તરીકે ઉપયોગ કરેછે. અમેરિકામાં બ્રઝીલ દેશના મૂળ રેહેવાશીઓ પણ તેનો ઉપયોગ કરેછે.

ભાંગના માદક તત્વ.

એ બે જાતનાં હોયછે. એક રાળ જેવો પદાર્થ હોયછે તેમાંથી નિકળેછે, જેનું ચરસ બનેછે. આનાથીજ કેફ ચઢેછે. એ સિવાય બીજું પ્રવાહી તેલ હોયછે તે પણ માદક છે.

ભાંગનો ઉપયોગ.

ભાંગના ઝાડમાંથી ચરસ, ગાંજો ને ભાંગ નિકળેછે. ચરસ એ ભાંગના ઝાડમાંથી જે રાળ જેવો પદાર્થ નીકળેછે તેમાંથી બનેછે. ને ગાંજો ટોચ ઉપરની ડાંખળી ને ફુલ હોયછે તે છે. ભાંગ એ મોટાં પાંદડાં વિગેરે છે. માજમ તથા યાકુતી, ને હશીશ એ ફુલની કળીઓની થાયછે. તેમાં કેસર, જાયફળ, લવિંગ, સાકર, ઘી અથવા મધ વિગેરે નાંખીને કરેછે. ભાંગનો આ ચારે પ્રકારે ઉપયોગ થાયછે. એટલે માજમ ખાવામાં, ભાંગ પીવામાં, ને ગાંજો તથા ચરસ ચલમમાં પીવાને. ભાંગ તૈયાર કરવાને માટે તેને મસળીને પછી તેનો રસ કાઢી લેઈ તેમાં ખસખસ બદામ સાકર વિગેરે નાંખી પીએછે. કેટલાક લોકો તેને લીલાગર કહેછે, ને તેમાં જ્યારે દુધ નાંખવામાં આવેછે ત્યારે તેને સબજી કહેછે. કેટલાક લોકો તેમાં ગુલાબનાં ફુલ, વરીયાળી, મરી, તેમ કેટલાક પુરવીઆ લોકો વધારે નિશા ચડવા સારૂ ધતુરાનાં બી તથા જારનાં મૂળ નાંખી તેને પ્રથમ તાંબાના વાસણમાં નાંખી શેકેછે. લીલાગર પીનારા કેટલાએક તેની તારીફ કરતાં કહેછે કે,—

શિખરણી.

" અધેલેકી બુટ્ટી, મીરચ હે દમડીકી;
મસાલા પૈસેકા, રગડકર કર ધરી;
જો કોઈ પીવેગા, બોલેગા લેહેરમાં હરહરી."

અર્થ—અધેલાની બુટ્ટી, ને તેમાં દમડીની મીરચી, વળી એક પૈસાનો મ-

સાલો ખૂબ રગડીને હાથમાં લીધી; જે કોઈ પીશે તે લેહેરમાં હરહરી બોલશે. આ કવિતથીજ સિદ્ધ થાયછે કે આ વ્યસનથી પૈસા તથા વખતની ખરાબી થાયછે એટલુંજ નહીં પણ માણસને લેહેર એટલે નિશા આવી જાય છે. ત્યારે શામાટે આવું વ્યસન વળગાડી લેવું જોઈએ ? ભાંગ કરતાં ગાંજાની, ને ગાંજા કરતાં ચરસની નિશા વધારે સખત હોય છે. ગાંજાની પેઠે ચરસ પણ ચલમમાં નાંખીને પીએ છે. માજમનાં ચકતાં, ભાંગની કળીઓનો રસ કાઢી તેમાં માવો, બદામ વિગરે નાંખી બરફીની પેઠે થાય છે. માજમ ખાવાથી પણ બહુ નિશો ચઢેછે.

ગાંજાને મસળીને બાવા તથા સાધુલોકો તેનો દમ ચલમમાં મારે છે અને તેઓ બીજાઓને પણ આવા ફાંદામાં નાંખે છે. બૈરાં તથા છોકરાંઓમાં ઝાઝો ઉપયોગ જોવામાં આવતો નથી. માજમ કેટલાક શ્રીમંત લોકો ખાય છે કેમકે તે મોંઘી હોય છે. સુરત શહેરમાં આશરે બારસો મુસલમાનો, પાંચસો સોની, બસો કડીયા, પાંચસો જૈન, સો ખત્રી, ચારસો કણબી, ધાંચી ને બ્રાહ્મણ મળીને ભાંગનો ઉપયોગ કરેછે. સુરત જીલ્લામાં દર મહીને છસો તેવીસ શેર ગાંજો, બસો છત્રીશ શેર ભાંગ ને સાડી ચોવરીસ શેર માજમ વેચાય છે. કેટલાક ગાંજો પીનારા દર વખતે એક તોલો ગાંજો વાપરે છે તેની કિંમત દર વખતે એક પૈસો થાય છે. ભાંગ પીનારા આશરે ત્રણ તોલા વાપરે છે અને તેને એકથી બે આના ખરચ થાય છે. સુરતમાં સને ૧૮૯૨–૯૩ માં એકસો ત્રણ મણ ગાંજો અને ચાલીસમણ ભાંગ વેચાઈ ને સરકારને તેની ફીના રૂપૈઆ અઢાવીસસો મળ્યા. મુંબાઈ શહેરમાં ત્રણથી ચારહજાર માણસો ભાંગ પીએ છે. તેનું તથા ગાંજાનું મળી દર વરસે પચાસહજાર રૂપિયા સરકારને ઉત્પન્ન થાય છે કરાંચી શહેરમાં હજારમાં એક ચરસ પીએ છે ને લોકો ચરસ દર વખતે ૧/૧૬ તોલા જેટલું પીએ છે ને પચીસસોમાં એક ગાંજો પીએ છે. દર અઢાવીસસો હિંદુઓમાં એક ભાંગ પીએ છે. લગભગ એક લાખ માણસોની વસ્તીમાં છ હજાર માણસો ભાંગ ને ગાંજાનો ઉપયોગ કરનાર છે. આપણા ઇલાકામાં દર હજાર માણસે ૮૦૬ શેર ગાંજો વપરાય છે. ધારવાડમાં ભાંગ તથા ગાંજાનો ફેલાવો વધતો જાય છે. આપણા શહેરમાં આશરે ૩૩/૪ મણ ગાંજો ને આશરે ૧૩/૪ મણ ભાંગ દર મહીને વેચાય છે ને સરકારને તેના વર્ષ દહાડે આશરે ૭ હજાર રૂપિઆ મળે છે. આપણા ઇલા·

કામાં સને ૧૮૯૧-૯૨ માં એક લાખ તેત્રીસ હજાર ત્રણસો અઠાવીસ રૂપિઆ સરકારને ભાંગ તથા ગાંજાની ફી તરીકે મળ્યા. ને તે વરસમાં બે લાખ, એંશી હજાર સાતસોને સતરશેર ગાંજો ને ભાંગ વેચાયાં. દહાડે દહાડે એનો ખપ વધતો જાય છે એમ આંકડાઓથી સિદ્ધ થાય છે. ગાંજાનું વાવેતર અહમદનગર ને સતારામાં વધારે થાય છે એ વાત ખરી પણ ભરૂચ, સુરત, ખાનદેશ, નાસિક, પુના ને સોલાપુર જીલ્લાઓમાં પણ તેનું થોડું ઘણું વાવેતર થાય છે. લોકો ભાંગ, ચરસ, ગાંજો, માજમ વિગેરે ખાધા પહેલાં લેછે. કેટલાએક લોકો ગાંજાની ફાકી કરીને ખાય છે, તેની પણ અસર ગાંજાની પેઠે થાય છે પણ જરા ઓછી.

ભાંગથી થતી શરીર ઉપર અસર.

કેટલાએક દરદોમાં જેવાં કે દમ, હિસ્ટેરીયા, સંધીવા, ધનુર્વા, હડકવા, વિગેરે ભયંકર રોગોમાં આનો ઉપયોગ થાયછે. પણ તે ઉપરથી કોઇએ એમ ન સમજવું કે તેનાથી તંદુરસ્ત માણસને ફાયદો છે. ભાંગથી નિશા આવે છે. ભાંગ પીનાર જગો, વખત, તથા માણસ ભૂલી જાય છે તરેહ તરેહવાર વિચારો તે કરે છે. ગાય છે, બોલે છે, હસે છે, નાચે છે ને લવારી કરેછે. કોઇ વખતે તેને ઉંઘ આવે છે. લોહીનો જુસ્સો પાછળથી ઓછો થાયછે, ને હાજાં નરમ પડી જાયછે, એવું ડાકટર બુસ તથા ડાકતર કેગ કહેછે ડાકટર. સાગનેશી કહેછે કે તેણે એક દરદીને અડધી રતી ભાંગનું સત્વ આપ્યું તેથી તે દરદી બેશુદ્ધ થઇ ગયો, ને વધુ કહે છે કે ભાંગ તથા ગાંજાથી વિચાર કાબુમાં રહેતો નથી. એક પળ તેને વરસ જેવું થાય છે, અને જગાનું તેને ભાન રહેતું નથી. કેટલાકોનું કહેવું એવું છે કે તે ઇંદ્રીઓને મજબુત કરેછે. પણ જે હમેશ ભાંગ તથા ગાંજાનો ઉપયોગ કરનારા છે તે લોકોની સ્થીતિ જોશો તો તુરત જણાઇ આવશે કે તેઓની વાતમાં કેટલી સચ્ચાઇ છે. સોની, ઝવેરી વિગેરે લોકો તેની તારીફ કરેછે પણ ભાંગ પીધા પછી તેઓની સ્થીતિ જોશો તો જણાશે કે તેઓ સુસ્ત થઈ જાયછે ને તેઓને ઉંઘ્યા વિના ચાલતું નથી. પુરબીઆ વિગેરે લોકોમાં ભાંગનો રિવાજ બહુછે, અને તે લોકો કેવા સુસ્ત હોયછે, તેમની બુદ્ધિ કેવી મંદ થએલી હોયછે તે, તે લોકોની સ્થીતિ ઉપરથી જણાશે. સુરત શહેર જે વેપારનું મૂળ મથક હતું ત્યાં દારૂ તથા ભાંગ વિગેરે દુરવ્યસનનો ઘણો ફેલાવો થવાથી તેની કેવી

નબળી સ્થીતિ થઇ છે. તુર્કસ્તાનમાં પણ હશીશ નામનો માજમ જેવો પદાર્થ ત્યાંના લોકો ખાય છે તેવા લોકોને હશીશીન કહેછે. તે લોકો ખુન વિગેરે ક્રૂર કર્મો કરવામાં ડરતા નથી અને અંગ્રેજીમાં Assassin (ખુની) શબ્દ છે તે આ ઉપરથી જ થએલો જણાય છે. ગાંજા વિગેરે પીનારા સાધુ બાવા વિગેરે નીચ વર્ણના લોકો હોયછે. તે લોકોના શરીરની સ્થીતિ જોશો તો ગાંજાથી તેમના ઉપર કેવી અસર થએલી હોયછે તે તુરત જણાઇ આવશે. કેટલાક લોકો કહે છે કે ભાંગ તથા ગાંજાથી ખોરાક વધારે ખવાય છે પણ હમેશ પીનારા છે તેમનાં શરીર જોશો તો તે વાત પાયાવિનાની જણાશે. કેટલાક કહે છે કે આ ચીજોનો ઉપયોગ કરવાથી તાવ આવતો નથી પણ તાવ ઉપર તે કોઈ તરેહની અસર કરતી નથી. તેવું વૈદ્યક ગ્રંથોથી જણાય છે. કેટલાકો કહેછે કે તેનાથી માણસોને મરદાઈ આવે છે પણ છેવટ ઉલટા તેથી તેઓ નામરદ થાયછે એટલુંજ નહીં પણ દમ, ક્ષય વિગેરે ભયંકર રોગ તેમને લાગુ પડે છે ને ગાંડાઓની ઇસ્પીતાલમાં જઇને જોશો તો દર સો માણસે ઓછામાં ઓછા સોળ ગાંજાથી ગાંડા થએલા જણાશે. કેટલાક ભાંગ પીનારા બેશુદ્ધ થઇને નાગા થઇ નાચે છે. ગાંજાના પીનારા ખુન વિગેરે કરવાને ડરતા નથી. વળી કેટલાક ગાંજાના પીનારા માણસો એકી વખતે વધારે ગાંજો પીવાથી તુરત મરી જાયછે. હું પુનાની વૈદ્યકશાળામાં ભણતો હતો ત્યારે ત્યાં એક મરેઠા વિદ્યાર્થીને કોઇએ ભાંગ પાઇ તેથી તે બિચારો ઘણો હેરાન થયો. તેનું ગળું તથા જીભ સુકાયાં અને તે કહેવા લાગ્યો કે તેનું દીલ કોઇ કાઢી લેછે ને આકાશમાં તેને કોઇ ખેંચી લઈ જાયછે એમ તે બોલવા લાગ્યો. ત્રણ દહાડે તે માણસ બરાબર શુદ્ધિમાં આવ્યો. તપાસ કરતાં જણાયું કે તેણે ભાંગનું ફક્ત પાશેરજ પાણી પીધું હતું. વળી ગાંજો પીનારનો સ્વભાવ બહુ તામશી થઈ જાય છે. કેટલાક પુરબીઆ લોકો જે પલટણમાં શીપાઈ હોયછે તેવા લોકોએ ગાંજાની નિશામાં ખૂન કરેલાંના ઘણા દાખલા પ્રસિદ્ધછે. ગાંજો પીનારાનાં મોં તથા હાથ ગંધાયછે, ને આંખો લાલ ખૂની માફક રહેછે. તેના પેટમાં લાહ લાગે છે, ને કાળજું બળીને ચાંદી પડેછે તથા તેના ભેજાને પણ નુકસાન થાયછે. મુંબાઇની ગાંડાની ઈસ્પીતાલમાં સને ૧૮૮૮થી સને ૧૮૯૨ સુધીમાં બાસટ દરદીઓ ગાંજાથી ગાંડા થએલા દાખલ કરવામાં આવ્યા. એ પ્રમાણે નાના

તરેહના ભયંકર રોગ આ દુર્વ્યસનથી થાયછે. તમાકુ ને અફીણ કરતાં તે વધારે ભયંકર છે. માટે જે લોકો ભાંગ, ગાંજો, માજમ વિગેરેનો ઉપયોગ કરેછે તેઓએ તેવા વ્યસનથી દુર રહેવું એ બહુ સારૂંછે.

આ વિશે કવિઓના અભિપ્રાય નિચે પ્રમાણે છે.

કવિ દુર્લભ શામજી વૈદ કહેછે કે,–

કવિત.

ગાંજાના ધુમાડા વડે, પડેછે નરમ હાજા;
ગરમ મીજાજ થતાં, શરમ સુકાયછે.
છાતી માંહી ક્ષત પડે, કાળજું કદાપી સડે;
ચકર વધારે ચડે, મુખતો ગંધાયછે.
મગજ ભમેછે, કદી બનેછે ચતુર મદી;
જીંદગાની થાય રદી, દરદી દેખાયછે.
ગાંજા ઈના હાલ, કરવો ગાંજાનો ખ્યાલ;
નીચ પીએ અને પાયછે.

દોહરો.

ગાળે ગાંજો ગાત્રને, ભ્રમીત કરે ભરપુર;
લ્યુનાટિક અસાઇલમ, જોવા જવું જરૂર.

કવિત.

ભાંગ ભૂરખી ને તાડી, તમાકુના વ્યસનથી;
સાર ન સોધાય, સાર ઉલટો દબાયછે.

આપણા માનવંતા કવિ. દલપતરામ ડાહ્યાભાઈ સી. આઈ. ઇ. કહે છે કે,

ગરબી.

મૂરખને મૂરખ મળે સંગી,
લીલાગર ભાંગ પીએ ભંગી;
અકલ હીણા એતો અડબંગી,
તજો તમે કેફ કરમ કરવું.
મફર કે માજમ જે ખાશે,
જરૂર અકલ તેની જાશે;
સારા સારા લોકોમાં નિંદાશે, તજો. ૨

પીએ કોઇ ગાંજો ગુણ જાણી,
ધુમાડો ખેંચે બળ આણી;
એની તો અકલ વેચાણી, તજો. ૩
તે સરવે રોગ કરે તનમાં,
અમે સાંભળ્યું વૈદ્યો જનમાં;
માટે તમે માની લેજો મનમાં, તજો. ૪

ગરબી.

ભાંગ પીએ તે ભંગીઆ જેવો,
તેથી વેગળા તરીએરે;
ગાંજાખોર તે ગાંડીઆ જેવો,
તે પણ તજીએ તેવારે. ૧

ગાંજા કમીશન.

હાલમાં સરકાર તરફથી ગાંજા કમીશન બેઠું છે. તેની આગળ કેટલાક મોટા સરકારી અમલદારો તથા ડાકટરોની જુબાનીઓ થઇછે. તેમાં કલેક-ટરો વિગરેએ એવો અભિપ્રાય આપ્યો છે કે ભાંગથી નુકશાન થતું નથી પણ ગાંજાથી થાયછે તે વાતતો તેમને કબુલ કરયા વિના છુટકો થયો નથી. વળી હાલ ચાળીસ તોલા ગાંજો રાખવાની છુટ છે તેના બદલામાં પાંચ તોલા કરવાથી કાંઇ હરકત પડવાની નથી ને દર મણે જકાત વધારવાથી કાંઇ હરકત થશે નહીં એમ પણ તેમને કબુલ કરવું પડયું છે. આ લોકોએ ભાંગની તરફેનમાં અભિપ્રાય દર્શાવ્યો તોપણ તેમને છેવટ કમીશનના મેમ્બરોએ પુછયું કે ભાંગથી નુકશાન થતું નથી તેનો તમને જાતે શું અનુભવ? ત્યારે તેઓને કબુલ કરવું પડયું કે પીનારાના કહેવાથી અમે કહીએ છીએ. પણ ગુજરાતીમાં કહેવત છે કે "પોતાનો દીકરો પોતાની માને ડાકણ કહે નહીં" ને "વરને કોણ વખાણે કે વરની મા", તે પ્રમાણે આ ભાંગ પીનારા લોકો પોતાના વ્યસનની તારીફ કરે તેમાં શું નવાઇ! "મીઆં પડ્યા પણ ટંગડી ઊચી ને ઉંચી", તે પ્રમાણે આ લોકો ખાડામાં પોતે પડેલાછે ને બીજાને પણ પાડવાનો પ્રયત્ન કરે છે. ડાકટરોએ પોતાનો અભિપ્રાય આ વ્યસનની વિરૂદ્ધ આપ્યો છે. એટલી વાત ખરી છે કે જ્યાં સુધી દારૂ ઉપર પ્રતિબં-ધ નાંખવામાં ના આવે ત્યાં સુધી આ વ્યસન ઉપરજ પ્રતિબંધ નાંખવો

એ રાજનીતિથી ઉલટું ગણાય એમ કેટલાક માને છે. તો પણ તેથી એમ સિદ્ધ થતું નથી કે આ વ્યસનને ઉત્તેજન આપવું. કેટલાએક અમલદારોએ એમ કહ્યુંછેકે એના ઉપર પ્રતિબંધ નાંખવાથી વ્યસનીલોકોનાં મન બહુ ઉશ્કેરાશે ને તેથી કરીને રાજમાં તોફાન થવાનો સંભવ રહેશે, કેમકે લોકોના ધર્મના આડે સરકાર જાય છે. એમ લોકોના મનમાં આવશે પણ આમાં ધર્મનું કાંઈ નથી. હિંદુધર્મશાસ્ત્રમાં કોઇ ઠેકાણે એવું લખેલું નથી કે ધર્મના કામમાં આનો ઉપયોગ કરવો. વળી તે અમલદારો કબુલ કરેછે કે આવા પીનારાની સંખ્યા થોડી છે માટે એના વાસ્તે રાજ્યમાં ગડબડ થશે એ વાતમાં કાંઇ પણ વજન નથી. વળી ઉલટું આથી એવા વ્યસનીઓને ઉત્તેજન મળે છે. આ કમીશનથી જો કે વધારે કાંઈ સાર નિકળે એમ લાગતું નથી તો પણ તેઓ ચાલીસ તોલાને બદલે પાંચ તોલા ગાંજો એક માણસ પાસે રાખવા તથા દર મણે સરકારની ડયુટી વધારવાની વખતે ભલામણ કરે એવું અનુમાન થાય છે. પણ એની સાથે દારૂની બાબતમાં કાંઈ પણ પ્રતિબંધ થવો જોઇએ કે જેથી કરીને લોકોના મનમાં જે વહેમછે તે દુર થાય, કે આ બધું દારૂનો વધારે ફેલાવો થવાને માટે થાય છે. હાલ કમીશન બેઠુંછે તેવે સમયે ગુજરાત વર્નાક્યુલર સોસાઇટીએ આ વિષય ઉપર આપણા માનવંતા પ્રમુખ શહેરી આનરેબલ રાવબહાદુર રણછોડલાલ છોટાલાલ સી. આઈ. કેફ નિષેધક ફંડમાંથી આ ઇનામી ભાષણ આપવા ઠરાવ્યું એ બહુજ સ્તુતિપાત્ર પગલું તેઓએ ભર્યું છે,

ઉપસંહાર.

ઉપર ગાંજા તથા ભાંગથી શરીર ઉપર જે જે નઠારી અસરો થાય છે તે વર્ણવી છે. તેથી આપ સાહેબોની ખાત્રી થઇ હશે કે એ વ્યસન તમાકુ કરતાં બહુજ નઠારૂં છે. આમાં માણસ ગાંડા થઇ જાય છે. ક્ષય, દમ, જેવા ભયંકર રોગ તેને લાગુ પડે છે. વખતે ગાંજાની તોરમાં ખૂન કરવાને ગાંજો પીનાર ચુકતો નથી. તો તેવા વ્યસનથી દુર રહેવું એ બહુ સારૂં છે. મને જણાવવાને આનંદ થાયછે કે ભણેલા લોકોમાં ગાંજાનો ઉપયોગ ઘણુંકરીને જોવામાં આવતો નથી. પણ મોજ શોખ ખાતર ઉનાળાના દિવસોમાં કેટલાએક લોકો ભાંગનો ઉપયોગ કરે છે, અને કહેછેકે તેથી તાપ લાગતો નથી. વખતે તે વાત ખરી હોય, તો પણ આવી

કેફી વસ્તુનું સેવન કરવું એ ભણેલાને ઘટે નહીં, કેમકે એકતો તેમાં પૈસાની ખરાબી, ને બીજું તેનાથી સુસ્તી આવે છે. કેટલાકો કહેછે કે તેનાથી અનાજ ખૂબ ખવાય છે પણ તે વધારે ખાવામાં આવે તો નુકસાનકરતા થઇ પડે છે. ભાંગથી ઝાડાનો બંધકોસ થાય છે, તેથી જે વધારે ખાધેલું હોયછે તે પાચન થયું એમ સમજી ભાંગ પીવાની ટેવ તેમને પડે છે. પણ પાછળથી તેમને જણાયછેકે તેનાથી ખોરાક પાચન થતો નથી. આ ટેવ બહુ ખોટી છે, કેમકે આ દુર્વ્યસનથી સ્મરણશક્તિ બગડે છે, ઇંદ્રીયો મજબુત થવાને બદલે ઢીલી થઇ જાય છે, મરદાઈ છેવટ જતી રહેછે ને મગજના નાનાં તરેહના વિકાર થાય છે. વળી પૈસાની, આબરૂની, ને વખતની જે હાની થાયછે તેતો જુદીજ. માટે મિત્રો! મારી આપને ભલામણછેકે આપણા જોવામાં એવા દુર્વ્યસની માણસો હોયતો તેમને તે વ્યસનથી દુર થવાને હમેશાં શિખામણ આપતા રેહેશો; અને જે લોકો વ્યસનીછે તેઓને મારૂં કહેવુંછે કે આવું દુર્વ્યસન છોડી દઇ હમેશનું સુખ પામશો. "પેહેલું સુખ તે જાતે નર્યા" એવી જે કહેવત છે તે પ્રમાણે તંદુરસ્ત રહેવા માટે આવા દુર્વ્યસનોથી દુર રહેવાની જરૂર છે, કેમકે આવા કેફી પદાર્થોથી શરીરને હાની થાયછે ને પછી દુનિઆનું બીજું બધું સુખ, દુખરૂપ થઈ પડે છે. આવાં વ્યસનથી માણસ કુકર્મ કરવા પ્રવૃત્ત થાય છે, અને તેથી કરીને હમેશનું સુખ પણ ખુવે છે. કમ ભાગ્યે આવાં વ્યસનો ગરીબ સ્થીતિના માણસોમાં બહુ જોવામાં આવે છે. તેમને આ વ્યસનોથી વધારે નુકસાન થાય છે, કેમકે એકતો ખોરાક બરાબર નહીં, અને તેમાં આ વ્યસન, તેથી કરી તેમના શરીરનો બહુ જલદી નાશ થઇ જાય છે. વળી તે લોકો અભણ હોવાને લીધે નઠારી સોબતમાં આવાં દુર્વ્યસનો કરવા શીખી જાય છે માટે આવા લોકોમાં વિદ્યાનો તથા નીતિનો ફેલાવો થવાની બહુ જરૂરછે કે જેથી કરી તેઓ આવા ફાંદામાં પડતા અટકે. આવા લોકોમાં આવાં ભાષણો થવાની પણ બહુ જરૂર છે.

આપ વિદ્વજનોને મારી વિનંતિ એટલી છે કે, આપનામાં જે લોકો ભાંગનો ઉપયોગ કરતા હશે તેઓએ તે તજવી એટલુંજ નહીં પરંતુ બીજાઓમાં પણ તે વ્યસન ન ફેલાય તેમ પ્રયત્ન કરવો જોઇએ, કે જેથી કરી બીજા લોકો પણ આ વ્યસનથી વેગળા રહે તેમ કરવા માટે

લોકોમાં વિદ્યાનો તથા નીતિનો ફેલાવો થાય એમ પગલાં લેવાં. દેશોન્નતિનો આધાર દેશના કેળવાએલા ગૃહસ્થોપર છે. માટે તેમની ફરજ છે કે જે વ્યસનોથી શરીરની, પૈસાની, તથા આબરૂની હાની થાયછે એવાં વ્યસન રૂપી શત્રુઓએ આપણા દેશમાં ઘર ઘાલ્યુંછે તેવા શત્રુઓને હણી કાઢવા તન, મન, અને ધનથી મહેનત કરવી જોઇએ રાજકીય બાબતોમાં આપણા કેળવાએલા ગૃહસ્થો જે ઉમંગ સાથે ભાગ લેછે તેવોજ ભાગ આ બાબતમાં લેવો જોઇએ, કેમકે રાજકીય બાબતોમાં સુધારો કરવાનું કામ સરકારનું છે. પણ આ બાબત તો આપણા પોતાનાજ હાથમાંછે. આપણે બધા મહેનત કરીશું તો આ વ્યસનો ઓછાં તો થશે એમાં કાંઇ નવાઇ નથી. લડાઇમાં થોડાં માણસો મરી જાયછે તો આપણા શરીરનાં રૂવાં ઉભાં થઈ જાયછે, કૉલેરાથી એક માણસ મરી જાયછે તો આખું ગામ ખળભળી ઉઠેછે, પણ ગાંજાના વ્યસનથી હજારો માણસો ગાંડા થાયછે એટલુંજ નહીં પણ ઘણા ક્ષય, દમ આદિક રોગ થઇને મરી જાયછે, પણ તે બાબત આપણા મનમાં કાંઇ આવતું નથી એ કાંઇ થોડી અફસોસની વાત છે ? માટે પ્રિય બંધુઓ ! આ દુર્વ્યસનના સામા શસ્ત્ર હાથમાં લઇ થશો તો પરમેશ્વર કૃપાથી ‘सत्यमेव जयते’ એ કહેવત પ્રમાણે આવા શુભ પ્રયત્ન ફળીભૂત થયા વિના રહેવાના નથી. તેમજ દરેક નાતના આગેવાન ગૃહસ્થો આ વ્યસનો માટે પોતાની નાતમાં યોગ્ય બંદોબસ્ત કરશે તો તેનાથી પણ સારૂં ફળ નિપજશે એવી આશા છે.

આ સમયે ઓનરેબલ રાવબહાદુર રણછોડલાલ છોટાલાલ સી. આઈ. ઈ. સાહેબે માદક પદાર્થ નિષેધક ફંડ સોસાઇટીને સ્વાધીન કર્યુંછે તેથી આવાં ભાષણો કરવાની જોગવાઇ મળેછે. તેના માટે તેમની જેટલી સ્તુતિ કરીએ તેટલી થોડીછે, કેમકે તેમણે વ્યસનો સામા આ એક બહુ સારો ઉપાય લીધોછે. માદક પદાર્થ નિષેધક આજનું ભાષણ કરવા સોસાઇટીની વ્યવસ્થાપક મંડળીએ તથા સોસાઇટીના ઉત્સાહી ને લોકપ્રિય ઓનરરી સેક્રેટરી રાવબહાદુર લાલશંકરભાઇએ મારી નીમનુક કરી તે બાબત હું તેમનો બહુજ આભારીછું. મેં મારી અલ્પ મતિ પ્રમાણે આ ભાષણ કર્યુંછે, તેમાં દોષ તો ઘણા હશે તોપણ હંસ ક્ષીર ન્યાયે દુગ્ધ માત્ર ગ્રહણ કરશો એવી મારી નમ્ર વિજ્ઞપ્તિ આપ વિદ્વજ્જનોને છે.

મારા મિત્ર રા. પરસોતમદાસ મુગટરામના ચિરંજીવી ભાઇ મોહનલાલ જે આંખે અપંગ છે તેણે ઉપરનું ભાષણ સાંભળી એક પદ જોડયું છે ને આ નીચે પ્રગટ કરવાની રજા લઉછું.

પદ.

ઉરમાં ધરજો ધ્યાન,
વિનતિ ઉરમાં ધરજો ધ્યાન.
વ્યસન વિષે જે કહી કથા તે,
સુણી સર્વ શુભ કાન; વિનતિ ઉરમાં૦ ૧
વ્યસન થકી તો મોટા મોટા,
પામ્યા અતિ અપમાન; વિનતિ ઉરમાં૦ ૨
વ્યસન દુર્ગુણ દુખનું મંદીર,
સળગતું સમશાન; વિનતિ ઉરમાં૦ ૩
વ્યસન તણા ગુણ જે ગાએ
તે નર જાણો નાદાન; વિનતિ ઉરમાં૦ ૪
તમાકુ ખાવા થકી તમારૂ,
બગડે અન જળ પાન; વિનતિ ઉરમાં૦ ૫
હુકો તમાકુ બીડી પીવાથી.
થાશો ઘણા હેરાન; વિનતિ ઉરમાં૦ ૬
ક્ષય દમ આદિક દુઃખો થઇને,
જરૂર ખોશો જાન; વિનતિ ઉરમાં૦ ૭
નથી નથીરે એમાં સ્વાદ કે શુભ ફળ,
નક્કી પ્રાણ તણું નુકશાન; વિનતિ ઉરમાં૦ ૮
ભાંગ પીવાની તનથી તજજો,
લાવી કાંઈ એક સાન; વિનતિ ઉરમાં૦ ૯
ગાંજો પીવાથી ગાંડા બનીને,
થશો તમે બે ભાન; વિનતિ ઉરમાં૦ ૧૦
વ્યસન તજીને સજવા સુધારો,
આપ પડો મેદાન; વિનતિ ઉરમાં૦ ૧૧
વિદ્યા વ્યસનને વેગે વળગી,

થાઓ આપ વિદ્વાન; વિનતિ ઉરમાં૦ ૧૨
સદ વિદ્યા સદ નીતિ શીખાવી,
કરો પ્રજા ગુણવાન; વિનતિ ઉરમાં૦ ૧૩
પાયો આ દેશ ઉનતિ કેરો,
રાખો અંતર નિજ ધ્યાન; વિનતિ ઉરમાં૦ ૧૪
પુરૂષોત્તમ સુત મોહન કહેછે,
પામો ઘણું સનમાન; વિનતિ ઉરમાં૦ ૧૫

પ્રાર્થના.

ભાગ તમાકુના વ્યસનમાં, નથી કાંઇ સાર;
ગાંજા દારૂ અફીણથી, શરીર પામે છે હાર. ૧
બેનજામિન સુત જોસફે, તે જોયું વારંવાર;
માટે દેશને ઓ પ્રભુ, એવાં વ્યસનોથી તાર. ૨

સમાપ્ત.